Produce, v. t. (પ્રોડ્યૂસ્) ઉત્પન્ન કરવું.

Project, v. t. (પ્રોજેક્ટ્) ફેંકવું; નાખવું.

Proclaim, v. t. (પ્રોક્લેમ્) જાહેર કરવું. ઢંઢેરો ફેરવવો.

Profit, v. t. (પ્રોફિટ્) ફાયદો કરવો; n. નફો; ફાયદો.

Pre ની સાથે જોડાઇને બનેલા શબ્દો.

Preside, v. i. (પ્રીસાઇડ) પ્રમુખ થવું.

Prefix, v. t. (પ્રીફિક્સ) આગળ જોડવું. *n.* ઉપસર્ગ.

Preposition n. (પ્રેપોઝીશન્) શબ્દયોગી અવ્યય.

Prepare, v. t. (પ્રિપેર) તૈયાર કરવું.

Predict, v. t. (પ્રિડિક્ટ્) ભ- [વિષ્ય કહેવું.

Super ની સાથે જોડાઇને બનેલા શબ્દો.

Superior, a. (સુપીરિયર્) ચડતું; ઊંચું; n. વડીલ; મુરબ્બી.
Supreme, a. (સુપ્રીમ) સર્વથી મ્હોટું; શ્રેષ્ઠ.
Superfluous, a. (સુપરફ્લુઅસ્) જોઇએ તે કરતાં વધારે; નકામું.
Superstructure, n. (સુપરસ્ટ્રક્ચર) ઉપરની બાંધણી.
Superintend, v. t. (સુપરઇન્ટેન્ડ) ઉપરીપણું કરવું.

Sub ની સાથે જોડાઇને બનેલા શબ્દો.

Subject, n. (સબજેક્ટ્) રૈયત. ૨ બાબદ.
Substance, n. (સબ્સ્ટન્સ્) ચીજ; વસ્તુ. ૨ સાર.
Substantive, n. (સબ્સ્ટંટિવ) નામ.
Support, n. (સપોર્ટ) મદદ; ટેકો.
Submit, v. i. (સબ્મિટ્) તાબે થવું.
Subordinate, a. (સબૉર્ડિનેટ) હાથ તળેનું; તાબેદાર.

XII. EXERCISE.

(અભ્યાસ પાઠ ૧૨ મો).

On words to be distinguished from each other.

એક બિજામાંથી શબ્દો (ના અર્થો) પીછાનવા વિષે.

Bow, n. (બાઉ) સલામ.
Bow, n. (બો) કામઠું.
Master, n. (માસ્ટર) ગુરૂ; ધણી.
Arrows, n. (ઍરોઝ) તીરો.
Edge, n. (એજ) કીનારી.
Table, n. (ટેબલ) મેજ.
Sedge, n. (સેજ) રૂખડું; દરિયામાં ઉગતો રોપો.

River. n. (રિવર્) નદી.
Sage, n. (સેજ) ડાહ્યો.
Governor, n. (ગવર્નર) હાકેમ.
Wound, v. t. (ઉવાઉન્ડ્) કુંચી આપી.
Wound, n. (ઉન્ડ) ઘાँ; જખમ.
Tedious, a. (ટીડિયસ્) કંટાળા ભરેલું.
Ploughs, n. (પ્લાઉઝ) હળો. (જમીન ખેડવાનાં).
Rude, a. (રૂડ્) કઢંગાં.
Parchment, n. (પાર્ચમૅન્ટ) ચર્મપત્ર.
Tough, a. (ટફ્) ચિવટ; મજબૂત.
Enough, ad. (ઇન્ફ્) પૂરતું; પુષ્કળ.
Cough, n. (કૉફ) ઠાંસો.
Bough, n. (બાઉ) ડાળી; ડાંખળી.
Babul, n. (બાબુલ્) બાવળ.
Bought, v. t. (બૉટ્) ખરીદ કીધું.
Pulse, n.(પલ્સ)નાડ; ૨ કઠોળ.
Is high, ઉતાવળી ચાલે છે.
Is eaiting, v. t. (ઇઝ્ ઇટિંગ) ખાય છે.
Beams, n. (બીમ્સ્) કીરણો; ૨ ભારવટયાં.
Foolish, a. (ફુલિશ) મૂર્ખ; બેવકૂફ.
People, n. (પીપલ્) લોકો.
Believe, v. i. (બિલીવ) માનવું.
Witches, n. (ઉવિચિઝ)ડાકણો.
Bale, n. (બેલ) ગાંસડી.
Goods, n. (ગુડઝ) સામાન.
Ring, v. t. (રિંગ) વગાડો.
Bell, n. (બેલ) ઘંટ.
Prefer, v. t. (પ્રિફર્) પસંદ કરવું.
Kind, a. (કાઇન્ડ્) માયાળુ; n. [જાત.
Twice, ad. (ટવાઇસ્) બે વખત.
Race course, n. (રેસ-કૉર્સ) સરતનો રસ્તો.
Cloth, n. (ક્લૉથ) કપડું.
Coarse, a. (કૉર્સ) જાડું.

Course, n. (કૉર્સ) માળા.
Tailor, n. (ટેલર્) દરજી.
Sew up, v. t. (સો અપ્) સીવી લેવું.
Sow, n. (સો) ડુકરી: v. t. રોપવું.
Litter, n. (લિટર્) બચ્ચાં.
Pigs, n. (પિગ્ઝ) ડુક્કરનાં બચ્ચાં.
Bajri, n. (બાજરી) બાજરી.
Field, n. (ફીલ્ડ્) ખેતર.
Ought, v. i. (ઑટ્) જોઇએ.
Get off v. t. (ગેટ્ ઑફ્) દૂર કરવું; ખસેડવું.
Chair, n. (ચૅર્) ખુરસી.
Resistance, n. (રિઝીસ્ટંસ્) અટકાવ.
Vain, a. (વેન્) ફોકટ.
Vein, n. (વેન) નસ; ફસ.
Surgeon, n. (સર્જન્) શસ્ત્રવૈદ.
Opened a vein. સંગરાહ મૂકી; ફસ ખોલી.

Arm, n. (આર્મ) હાથ.
Vane, n. (વેન) પવનની દિશા દેખાડનારૂં યંત્ર; ધજા.
Wind, n. (વિન્ડ) પવન.
Blows, v. i. (બ્લોઝ) વાયછે.
Bay, v. t.(બે)ભસવું; n. અખાત.
Stag, n. (સ્ટૅગ્) સાબર.
Pressed, p. p. (પ્રેસ્ડ્) પછવાડે લાગવામાં આવ્યું.
Turned to bay, સામું થયું; બચાવ કરવા લાગ્યું.
Covered, v. t. (કવર્ડ) ઢંકાયું.
Veil, n. (વેલ્) બુરખો.
Poetry, n. (પોઍટ્રિ) કવિતા.
Whale, n. (વ્હેલ) મગરમચ્છ.
Enormous, a. (ઇનૉર્મસ) ઘણુંજ મ્હોટું. [રડાપીટ.
Wail, n. (વેલ) વિલાપ;
Mourners, n. (મોર્નર્સ) રડનારા; શોક કરનારા.
Morning, n. (મૉરનિંગ્) સહવાર; પ્રભાત. [n. ભાડું.
Rent, v. t. (રેન્ટ) ફાટી ગયાં:

Cultivator, n. (કલ્ટિવેટર) કૂણબી; ખેડુત.
Pays, v. t. (પેઝ) આપેછે.
Government, n. (ગવરમેન્ટ) સરકાર.
Flat, a. (ફ્લૅટ્) સપાટ.
Country, n. (કન્ટ્રિ) દેશ.
Plain, n. (પ્લેન) મેદાનઃ a. ખુલ્લું; દેખીતું.
Carpenter's, n. (કારપેન્ટર્ઝ) સુતારનો.
Plane, n. (પ્લેન્) રંદો.
Hen, n. (હેન્) મરઘી.
Lays, v. t. (લેઝ્) મૂકેછે.
Eggs, n. (ઍગ્ઝ્) ઇંડાં.
Lies, v. i. (લાઇઝ્) પડેછે.
Bear, n. (બેર્) રિંછ; v. t. ખમવું.
Honey, n. (હનિ) મધ.
Forbear, v. i. (ફર્બે) સબુરી પકડવી.
Bare, a. (બેર્) ઉઘાડા; ખુલ્લા.
Band, n. (બૅન્ડ્) ટોલી. ૨ પટો.
Robbers, n (રૉબર્સ) ચોરો.
Musicians, n. (મ્યુઝિશિઅન્સ) ગવૈયા.
Untie, v. t. (અન્ટાઇ) છોડવું; છૂટું કરવું.
Railway, a. (રેલવે) લોઢાની સડકનું.
Fare, n. (ફેર) ભાડું.
Annas, n. (ઍનાઝ) આનાઃ (૧૨) પઇ.
Conduct, n. (કૉન્ડક્ટ્) ચાલચલણ.
Fair, a. (ફેર) સારી. ૨ સુંદર.
Complexion, n. (કૉમ્પ્લેકશન્) ચેહેરો.
Fared ill,(ફેર્ડ ઇલ્) દુઃખ ભોગવ્યું.
Jorney, n. (જર્નિ) મુસાફરી.
Mane, n. (મેન્) યાળ.
Agree, v. i. (ઍગ્રી) એકમત થવું.
Main, n. (મેન્) ઘણી ખરી બાબદ.

Cotton, n. (કૉટન) રૂ.
Cheated, v. t. (ચીટેડ) ઠગ્યો; છેતર્યો.
Knave, n. (નેવ) લુચ્ચો; ઠગ.
Nave, n. (નેવ્) નાયડી.
Wheel, n. (હ્વીલ્)પૈડું; ચક્કર.
Is broken, v. t. (ઇઝ્ બ્રોકન્) ભાંગી ગઇ છે.

શિક્ષકને સલામ કરો. તીર અને કામઠું. મેજની કોર. છોકરાની ઉમ્મર. નદીમાં રૂપડું. ચતુર હાકેમ. ઘડીઆળને ચાવી આપી છે ? તેના પગમાં એક જખમ (લાગેલો) છે. જો પેટ કંટાળા ભરેલો હોય તોપણ (તે) પૂરો કરજો. હિંદુસ્થાનમાં હાથી ઘણુંજ કદંગાં છે. ચર્મપત્ર કાગળ કરતાં વધારે મજબૂત છે. તમે પૂરતું બોલ્યા છો. તમને ખરાબ ઠાંસો (થયો) છે. મ્હારેવાસ્તે બાવળની એક ડાખળી લાવો. મેં ગુણપાટની બે કોથળી ખરીદ કીધી. મારા નાક ઉપરવળી ચાલેછે. ઘોડો કોળ ખાયછે. સૂરજનાં કિરણો. ઘરના ભારવઠયાં. મૂર્ખ લોકો ડાકણોને માનેછે. સામાનની ગાંસડી. ઘંટ વગાડો. આ કરોળમાંથી તમે કઇ જાત પસંદ કરોછો ? તમે ઘણા સાચાળુ છો. તે ઘોડો (સરતના) રસ્તાની આસપાસ બે વખત દોડયો. આ કપડું ઘણુંજ જાડું છે. વાંચન(ચોપડીઓની) માળામાં આ બીજી ચોપડીછે. મારા ડગલાનું કાણું સીવી લેવાને તે દરજીને કહો. તે ડુકરીને બચ્ચાં છે. તેઓ ખેતરનાં બાજરી રોપવા જાયછે. તમને તમારી ખુરસી ખસેડવી(ઉઠવું)જોઇએ. અટકાવ નકામો છે. તે શરવૈદે તેના હાથની ફસ ખોલી. પવન કઇ ગમ ફૂંકે છે તે ધજા દેખાડે છે. કૂતા ચંદ્રને ભસે છે. એક વાહાણ અખાતમાં હતું. તે સાબરને (પાછળ લાગીને) ખૂબ સપડાવ્યાથી, બચાવ કરવાને સામે થયું. તેનું માથું બુરખાથી ઢાંકેલું હતું. Valley (વૅલિ) ને કોઇ કોઇ વખત કવિતામાં vale (વેલ્) કહેછે. મગરમચ્છ એ એક ઘણુંજ મોહોટું માછલું છે. શોક કરનારાઓની રડાપીટ સહવારમાં સંભળાઇ હતી. મારાં કપડાં ફા-

ટી ગયાં છે. ખેડુત સરકારને ભાડું આપેછે. સપાટ દેશને મેદાન કહેછે. (આ)ખુલ્લું છે કે તમે તમારો પાઠ કીધો નથી. સુતારનો રંદો. મરઘી ઇંડાં મૂકે છે. કૂત્રો જમીનપર પડી રહેછે. છોકરાઓએ જૂઠું બોલવું નહીં જોઇએ. રિંછને મધ ભાવેછે. ખમો અને સબુરી પકડો. ઉઘાડે પગે ચાલો. ચોરોની ટોળી. ગવૈયાની ટોળી. પટો છોડો. આગગાડીનું ભાડું આઠ આના છે. તમારી ચાલચલાણ સારી નથી. તેનો ચેહેરો સુંદર છે. તેણે તેની મુસાફરીમાં દુઃખ ભોગવ્યું. ઘોડાની યાળ. હું તમારી સાથે ઘણી ખરી બાબદમાં એકમત છું. ઘંટ વગાડો. રૂની ગાંસડી. તે મને ઠગ્યો છે; તે એક ઠગ છે. તે પૈડાની નાયડી ભાંગી ગઇ છે.

XIII. READING-LESSON.

(વાંચન પાઠ ૧૩મો.) મ્હોડે કરવાનો.

Fed, v. t. (ફેડ્) ધવાડયું.
Gentle, a. (જેન્ટલ્) માયાળુ.
Breast, n. (બ્રેસ્ટ) છાતી.
Hushed, v. t. (હશ્ડ્) મુંગો રાખ્યો. [વાડવાને.
To rest, v. i. (રેસ્ટ) સુ-
Cheek, n. (ચીક્) ગાલ.
Soft, a. (સૉફ્ટ્) નરમ.
Kisses, n. (કિસિઝ્)ચૂમી; બોકી.
Prest, v. t. (પ્રેસ્ટ) લીધી.

Pain, n. (પેન) દરદ; દુઃખ.
Sickness, n. (સિકનેસ્) મંદવાડ.
Gazed, v. i. (ગેઝ્ડ્) ઇનતેજારીથી જોયું.
Heavy, a. (હેવિ) સુમાઇ પડતી.
Wept, v. t. (વેપ્ટ) રડયું.
Fear, n. (ફીઅર) ધાસ્તી.
Cease, v. i. (સીઝ) બંધ પડવું.
Affectionate,a. (અફેક્શ-નેટ) પ્યારૂં.

Kind, n. (કાઇન્ડ) માયાળુ.
Thought, n. (થૉટ્) વિચાર.
Bear, v. t. (બેર) ખમવું.
Please, v. i. (પ્લીઝ) મરજી થવી.
Spare, v. t. (સ્પેર) બચાવવું.
Hope, v. t.(હોપ્)આશા રાખવી.
Reward, v. t. (રિવૉર્ડ) બદલો વાળવો.
Care, n. (કેર્)સંભાળ; જતન.

કોણે મને પોતાની માયાળુ છાતીમાંથી ધવાડયો, ને પોતાના હાથમાં સુવાડવાને મુંગો રાખ્યો, ને મ્હારા ગાલોપર નરમ બોકીઓ લીધી? મ્હારી માતાએ.

જ્યારે દુઃખ તથા મંદવાડથી મને રડવું આવતું, ત્યારે મ્હારી ઝુમાઇ પડતી આંખો તરફ કોણ ઇનતેજારીથી જોતું, અને હું મરી જાઉં એવી ધાસ્તીનેમાટે કોણ રડતું? મ્હારી માતા.

અને તું જે મ્હારી ઉપર આટલી બધી પ્રીતિ રાખતી હતી, તેની ઉપર હેત તથા માયા કરવાને શું હું કદી બંધ પડી શકીશ? મારી માતા.

અરે નહીં! એ વિચાર હું ખમી શકતો નથી, પણ મ્હારી જીંદગી બચાવવાની જો ઇશ્વરની મરજી હશે તો, હું આશા રાખું છું કે ત્હારી સંભાળનો બદલો હું વાળી આપીશ.

સમજણ.

Fed—'*to feed*' નો ભૂતકાળ. *Hushed to rest*—મને સુવાડવાને મુંગો રાખ્યો. *Soft kisses*—નરમ હોટોની નાજુક ચુમીઓ. *Prest* અથવા *pressed*—'*to press*' નો ભૂતકાળ. *When*—તે વખતે કે જ્યારે. *Eye*—એક આંખ નહીં, પણ 'આંખો'. *Wept*—'*to weep*' નો ભૂતકાળ. *For*—કારણ દેખાડેછે. *And*—એટલા

વાસ્તે. *Wast*—કવિતાની છંદ પ્રમાણે લખાયછે; સાદી ઇબારતમાં *Thou wast* ને બદલે *You were* આપણે વાપરીયેછીએ. *The thought*—મ્હારી માતા તરફ મ્હારો પ્યાર બંધ પડવાનો વિચાર ઘણોજ દુઃખદાયક છે. *If God please*—'if it please God' ને બદલે વધારે છંદ-છંદ ભરેલું. *I hope I shall*—hope ની પાછળ 'that' મૂકવો જોઇએ.

---

8 TABLE OF WORDS SIMILAR IN SOUND BUT DIFFERENTLY SPELT.

૮. એક સરખા ઉચ્ચારના પણ જૂદી જૂદી જોડણીના શબ્દોનો કોઠો.

Ail, n. (એલ) દુઃખ; દરદ: v. t. દુઃખવું; પીડા કરવી.

Ale, n. (એલ) એક જાતનો દારૂ.

Aisle, n. (આઇલ્) દેવલની બાજુનો ભાગ.

Isle, n. (આઇલ્) ટાપુ; બેટ.

I'll, a. (આઇલ્) I will શબ્દોને ટુંકામાં લખવાની રીત.

All, a (ઑલ્)સઘળું; સર્વ;બધું.

Awl, n. (ઑલ્) મોચીની આરી.

Allowed, v. t. (ઍલાઉડ્) રજા આપી; છૂટ મૂકી.

Aloud, ad. (ઍલાઉડ્) મ્હોટે સાદે; પોકારીને.

Alter, v. t. (ઑલ્ટર્) ફેરવવું; બદલવું.

Altar, n. (ઑલ્ટર્) ભોગ આપવાની જગા.

Arc, n. (આર્ક) મેહેરાબ.

Ark. n. (આર્ક) મ્હોટું વહાણ.

Assent, n. (ઍસૅન્ટ) કબૂલાત; v. i. માન્ય કરવું; કબૂલ રાખવું.

Ascent, n. (ઍસૅન્ટ) ચઢાણ; ચઢાવ.

Bait, n. (બેટ્) ગળમાં મૂકેલી ખાવાની વસ્તુ. ૨ લાલચ; લોભ.
Bate, v. t. (બેટ) ઓછું કરવું.
Ball, n. (બૉલ્) દડો. ૨ નાચ.
Bawl, v. i. (બૉલ્) પોકાર કરવો.
Base, n. (બેસ્) પાયો: a. નીચ; હલકું.
Bass, n. (બેસ્) ખરજસૂર.
Bay, n. (બે) અખાત; ઉપસાગર; v. t. ભસવું.
Bey, n. (બે) તુર્ક લોકોનો હાકેમ.
Be, v. i. (બી) હોવું; થવું.
Bee, n. (બી) મધમાખ.
Blew, v. t. (બ્લુ) ઉરાડી મૂકયું; v. i. ફુંકયું.
Blue, a. (બ્લુ) આસમાની.
Borough, n. (બરો) ગામડું.
Burrow, v. i. (બરો) દર કરીને રેહેવું.
Boy, n. (બૉય્) છોકરો.
Buoy, n. (બૉય) બોહોયું; તર.
But, conj. (બટ્) પણ: pre. સિવાય.
Butt, n. (બટ્) નેમ; નિશાન. ૨ ટક્કર. ૩ મ્હોટું પીપ.
Buy, v. t. (બાઇ) ખરીદવું.
By, Pre. (બાઇ) નજદીક; પાસેથી.
Bury, v. t. (બેરિ) દાટવું.
Berry, n. (બેરિ) એક જાતનું ફળ.
Cede, v. t. (સીડ) સ્વાધીન [કરવું.
Seed, n. (સીડ) બી.
Cellar, n. (સેલર્) ભોંયરૂં.
Seller, n. (સેલર્) વેચનાર.
Chord, n. (કૉર્ડ) તાંત; તાર.
Cord, n. (કૉર્ડ) દોરડું.
Coarse, a. (કૉર્સ) જાડું.
Course, n. (કૉર્સ) ગતિ; માર્ગ; રસ્તો. [હિવાસી.
Dane, n. (ડેન્) ડેનમાર્કનો રે-
Deign, v. i. & t. (ડેન) મેહેરબાન થવું; કૃપા કરવી.
Ewe, a. (યુ) મેંઢી.
Yew, n. (યુ) એક જાતનું ચિવટ લાકડાનું ઝાડ.

You, pro. (યૂ) તમે.
Fain, ad. (ફેન્) આનંદથી; ખુશીથી. [દેખડાવવું.
Feign, v. t. (ફેન) ખોટું ડોળ
Foul, a. (ફાઉલ્) ગંદું; ખરડાએલું; મેલું.
Fowl, n. (ફાઉલ્) મરઘી; પંખેરૂં.
Gait, n. (ગેટ્) ચાલવાની ઢપ.
Gate, n. (ગેટ્) દરવાજો.
Gilt, n. (ગિલ્ટ) સોનાનો ઢોલ; ઓપ. [તકસીર.
Guilt, n. (ગિલ્ટ્) ગુન્હો;
Grease, n. (ગ્રીસ) ચરબી.
Greece, n. (ગ્રીસ) યૂનાન દેશ.
Heir, n. (એઅર) વારસ.
Air, n. (એઅર) હવા.
Hew, v. t. (હ્યુ) કોતરવું.
Hue, n. (હ્યુ) રંગ.
Hugh, n. (હ્યુ) માણસનું નામ.
Higher, a. (હાયર્) વધારે ઉંચું.
Hire, n. (હાયર્) ભાડું; ર મજુરી; હેલ.
Hole, n. (હોલ) નાકું; કાણું; બાકોરૂં.
Whole, a. (હોલ) આખું;સઘળું.
In, pre. (ઇન્) માં; અંદર.
Inn, n. (ઇન્) ધર્મશાળા.
Key, n. (કી) ચાવી; કુંચી.
Quay, n. (કી) ડક્કો; ધક્કો.
Knave, n. (નેવ્) લુચ્ચો.
Nave, n. (નેવ્) નાયડી.
Knead, v. t. (નીડ્) મસળવું; ગુંદવું.
Need, v. t. (નીડ્) ગરજ પડવી.
Knew, v. t. (ન્યુ) જાણ્યું.
New, a. (ન્યૂ) નવું.
Knight, n. (નાઈટ્) અમીર; ઉમરાવ.
Night, a. (નાઈટ્) રાત.
Knot, n. (નૉટ્) ગાંઠ.
Not, ad. (નૉટ્) નહીં.
Know, v. t. (નો) જાણવું.
No, ad. (નો) ના; નહીં.
Lesson, n. (લેસન્) પાઠ; ધડો.
Lessen, v. t. (લેસન્) ઓછું કરવું; કમી કરવું.

Links, n. (લિન્ક્સ્) સાંકળની કડીઓ. [હગોશ.

Lynx, n. (લિન્ક્સ્) સીયાં-

Loan, n. (લોન્) ઉછીની આપેલી ચીજ; કરજદેણુ.

Lone, a. (લોન્) એકલું; એકાંત.

Mail, n. (મેલ્) ટપાલ; ડાક. ૨ બખ્તર.

Male, n. (મેલ્) નર; પુરૂષ.

Maize, n. (મેઝ્) મકાઈ ભુટ્ટો.

Maze, n. (મેઝ્) આડો અવળો માર્ગ. [કોટવાલ.

Mare, n. (મેઅર્) ઘોડી.

Mayor, n. (મેઅર્) હાકેમ;

Mean, a. (મીન) નીચું; હલકા દરજ્જાનું. ૨ મધ્ય પ્રમાણ.

Mien, n. (મીન) ચેહેરો: ડોલ; આકાર. [૨ ખોરાક.

Meat, n. (મીટ્) માંસ; ગોસ્ત.

Meet, v. t. (મીટ) મળવું; ભેટવું: a. લાયક; યોગ્ય.

Mete, v. t. (મીટ્) માપવું.

Moan, v. i. (મોન્) વિલાપ કરવો.

Mown, p. p. (મોન) કાપેલું.

Nay, ad. (ને) નહીં; માત્ર. ૨ એટલુંજ નહીં.

Neigh, v. i. (ને) ખંખારવું. (ઘોડાની માફક).

Nose, n. (નોઝ) નાક.

Knows, v. t. (નોઝ) જાણેછે.

Oar, n. (ઑઅર્) હલેસું.

Ore, n. (ઑઅર) કાચી ધાતુ.

Ode, n. (ઓડ) ગજલ.

Owed, v. t. (ઓડ્) કરજદાર થયો.

Pair, n. (પેઅર) જોટ; જોડી.

Pare, v. t. (પેઅર્) છાલ કાઢવી; નખ લેવાં.

Pear, n. (પેઅર્) જમરૂખ; પેર.

Pall, n. (પૉલ્) કફન.

Paul, n. (પૉલ) નામ છે.

Paws, n. (પૉઝ) પંજા.

Pause, n. v. i. (પૉઝ્) થોભવું; અટકવું.

Peal, n. (પીલ્) ધડાકો; કડાકો; v. t. વગાડવું. [આમડી·

Peel, n. (પીલ્) છાળ; બારીક

Peer, n. (પીયર્) બરોબરીયો, સોબતી; અમીર.

Pier, n. (પીયર્) ધક્કો

Piece, n. (પીઝ્) કટકો.

Peace, n. (પીઝ્) સલાહસંપ.

Pole, n. (પોલ્) લાકડી. ર ધ્રુવ. ૩ પાા વારનું માપ.

Poll, n. (પોલ્) મસ્તક; માથું.

Pour, v. t. (પોર્) રેડવું.

Pore, n. (પોર) છિદ્ર; નાકું.

Prays, v. t. (પ્રેઝ્) બંદગી કરેછે.

Preys, v. i. (પ્રેઝ્) શિકાર કરેછે. [તિ; તારીફ.

Praise, n. (પ્રેઝ) વખાણ; સ્તુ-

Rain, n. (રેન) વરસાદ.

Reign, n. (રેન) રાજ્ય.

Rein, n. (રેન્) લગામ.

Raise, v. t. (રેઝ્) ઉંચકવું.

Raze, v. t. (રેઝ્) જમીનદોસ્ત કરવું.

Rays, (રેઝ્) કિરણો.

Rap, n. (રૅપ્) ટપલો; લપડાક; ધપ્પો.

Wrap, v. t. (રૅપ્) લપેટવું.

Read, v. t. (રીડ્) વાંચવું.

Reed, n. (રીડ્) બરૂ; વાંસ.

Red, a. (રેડ) રાતું; લાલ.

Read, v. t. (રેડ) વાંચ્યું.

Rest, n. (રેસ્ટ) આશાએસ; આરામ. [છીનવી લેવું

Wrest, v. t. (રેસ્ટ) મરડીને

Right, a. (રાઇટ્) હક: a. ખરૂં.

Rite, n. (રાઇટ્) ક્રિયા.

Write, v; t. (રાઇટ્) લખવું.

Wright, n. (રાઇટ્) કારીગર.

Rye, n. (રાઇ) જવ.

Wry, a. (રાઇ) વાંકું ચુંકું.

Sail, n. (સેલ્) સઢ.

Sale, n. (સેલ્) વેચાણ; વકરો.

See, v. t. (સી) જોવું.

Sea, n. (સી) સમુદ્ર.

Sent, v. t. (સેન્ટ્) મોકલ્યું.

Scent, n. (સેન્ટ્) ખુશબો; સુગંધ; વાસ.
Sew, v. t. (સો) સિવવું.
So, ad. (સો) એમ; એવું.
Sow, v. t. (સો) વાવવું; n. ડુકરી.
Sole, n. (સોલ્) પગનું તળિયું; a. એકલું.
Soul, n. (સોલ્) આત્મા; જીવ.
Sore, a. (સોર્) સુઝેલું.
Soar, v. i. (સોર્) હવામાં ઉંચે ચઢવું. [પાધરૂં.
Straight, a. (સ્ટ્રેટ્) સીધું;
Strait, n. (સ્ટ્રેટ્) સામુદ્રધુની.
Tail, n. (ટેલ) પૂછડી.
Tale, n. (ટેલ) વાર્તા.
The, art. (ધી) તે.
Thee, pro. (ધી) તને.
Vale, n. (વેલ) ખીણ.
Veil, n. (વેલ) બુરખો.
Vane, n. (વેન્) ધજા.
Vain, ad. (વેન્) ફોકટ.
Vein, n. (વેન્) નસ.
Whale, n. (હ્વેલ) મગરમચ્છ.
Wail, n. (હ્વેલ) વિલાપ.
Weather, n. (હ્વેધર) હવા; રૂતુ. [પિસો મેંઢો.
Wether, n. (હ્વેધર) ખસી કી-
Whether, ad. (હ્વેધર) કે; અગર.
Witch, n. (હ્વિચ્) ડાકણ.
Which, pro. (હ્વિચ્) જે. ર કયું.

XIV. READING—LESSON.

(વાંચન પાઠ ૧૪મો.)

Was set, v. t. (હ્વૉઝ સેટ્) બેસાડવામાં આવતો હતો.
Watch, v. t. (હ્વૉચ) ચોકી રાખવી; તપાસવું.
Tiger, n. (ટાઇગર) વાઘ.
People, n. (પીપ્લ) લોકો; માણસો.
Swords, n. (સૉર્ડ્ઝ્) તરવારો.

Laughed at, v. i. (લાફ્ડ્ ઍટ્) મશ્કરી કરતો.
However, ad. (હાઉઍવર) તોપણ.
Really, ad. (રીઅલિ) ખરેખર.
Did come, v. i. (ડિડ્ કમ્) આવ્યોજ.
Is moking, v. t. (ઇઝ્ મૉકિંગ્) મશ્કરી કરેછે.
As usual, ad. (ઍઝ યુઝવલ) હંમેશની માફક.
Killed, v. t. (કિલ્ડ્) મારી નાખી.

એક છોકરો જેને તેના બાપની ગાયો તપાસવાને બેસાડવામાં આવતો હતો તે બૂમ પાડતો કે "વાઘ, વાઘ!" અને જયારે લોકો બંદુક અને તરવારો લઇને દોડી આવતાં ત્યારે તે તેમની મશ્કરી કરતો, અને કહેતો કે વાઘ નથી (આવ્યો). તોપણ એક દહાડો ખરેખર એક વાઘ આવ્યોજ; અને જયારે તે છોકરાએ બૂમ પાડી કે "વાઘ, વાઘ!" ત્યારે લોકો બોલ્યાં, "અમે નથી જવાનાં; તે અમારી હંમેશની માફક મશ્કરી કરેછે;" અને તે વાઘે સઘળી ગાયો મારી નાખી.

XV. READING—LESSON.

(વાંચન પાઠ ૧૫મો.)

OF METALS. ધાતુઓ વિશે.

Useful, a. (યુસફુલ) ઉપયોગી.
Things, n. (થિંગ્ઝ્) વસ્તુઓ; ચીજો.
Metal, n. (મેટલ) ધાતુ.
Knives, n. (નાઇવ્ઝ્) છરીઓ; ચાકુઓ.
Cooking, a. (કૂકિંગ્) રાંધવાનાં.
Pots, n. (પૉટ્સ્) હાંલ્લાં.
Vessels n. (વૅસ્લ્સ્) વાસણો.
Mostly, ad. (મોસ્ટ્લિ) ઘણું કરીને.

Are dug out, v. t. (આરૂ ડગ્ આઉટ) ખોદી કાઢવામાં આવેછે.

Mines, n. (માઇન્સ) ખાણો.

Mixed, p. p. (મિક્સ્ડ્) ભેળાઇ ગયલું; મળેલી.

Earth, n. (અર્થ) માટી.

State, n. (સ્ટેટ) હાલત; સ્થિતિ.

Ores, n. (ઑર્સ) કાચી ધાતુઓ.

Iron, a. (આયરન) લોખંડની.

Copper, a. (કૉપર્) ત્રાંબાની.

Are melted, v. t. (આર મેલ્ટેડ્) પિગળાવવામાં-ગાળવામાં આવેછે.

Afterwards, ad. (આફ્ટરઉવર્ડ્ઝ) પાછળથી.

Furnaces, n. (ફર્નેસિઝ્) ભઠ્ઠીઓ.

Pure, a. (પ્યૂર) સ્વચ્છ.

Brilliant, a. (બ્રિલિઅન્ટ) ચળકતી; ઝળકતી.

Shining, a. (શાઇનિંગ) ઝળેહદાર; ચળકતી.

Hard, a. (હાર્ડ) કઠણ.

Malleable, a. (મૅલિએબ્લ) ટિપાય એવું.

That is to say, એટલે કે.

Can be beaten out, v. t. ટીપી શકાય એવું.

Thin, a. (થિન્) પાતળા.

Hammers, n.(હૅમર્સ) હથોડીઓ.

Without being broken, ભાંગ્યા વગર.

Softer, a. (સૉફ્ટર) વધારે નરમ.

Heavy, n. (હેવિ) ભારે; વજનદાર.

Principal, n. (પ્રિન્સિપલ્) મુખ્ય.

Gold, n. (ગોલ્ડ) સોનું.

Silver, n. (સિલ્વર) રૂપું.

Lead, n. (લેડ) સીસું.

Tin, n. (ટિન) કલઇ.

Termination, n. (ટર્મિનેશન્) પ્રત્યય.

Can be hammered, v. t. હથોડાથી ટીપી શકાય એવું.

Bearable, a. (બેરેબ્લ) ખમી શકાય એવું.

Loveable, a. (લવએબ્લ) પ્રીતિ કરી શકાય એવું.

Full of, (ફુલ ઑફ) ભરેલું.

Faithful, a. (ફેથફુલ્) નિમ-કહલાલ. | Shameful, a. (શેમ્ફુલ્) શરમ ભરેલું.

ઘણી ઉપયોગી વસ્તુઓ જે આપણે જોઇએછીએ તે ધાતુની બનેછે; જેમકે છરીઓ, રાંધવાનાં વાસણો, અને પાણીનાં વાસણો. ધાતુઓ ઘણું કરીને ખાડાઓ, જેઓને ખાણો કહેછે, તેમાંથી ખોદી કહાડવામાં આવેછે, અને તેઓ માટી તથા પથ્થર સાથે ભેળાયલી મળી આવેછે. આ સ્થિતિમાં તેઓને કાચી ધાતુ કહેછે; જેમકે લોખંડની કાચી ધાતુ અને ત્રાંબાની કાચી ધાતુ; પણ પાછળથી તેઓને ભઠ્ઠીઓમાં ગાળેછે, અને ત્યારે તે ધાતુ સ્વચ્છ થઇને બહાર નિકળેછે સઘળી ધાતુઓ ચળકતી, અથવા ઝલેહદાર હોયછે, અને તેઓમાંની ઘણીખરી કઠણ હોયછે, પણ પથ્થરના જેવી કઠણ નહીં. કેટલીક ધાતુઓ વળી ટીપી શકાય એવાં હોયછે, એટલે કે, ભાગ્યા વગર (હથોડાઓથી) ટીપાઇને તેઓના પાતળા કડકા થઇ શકેછે. કેટલીક ધાતુઓ બીજી (ધાતુઓ) કરતાં વધારે નરમ તથા ટીપી શકાય એવી હોયછે. સઘળી ધાતુઓ ઘણી ભારી હોયછે. મુખ્ય ધાતુઓ સોનું, રૂપું, લોઢું, ત્રાંબું, સીસું, અને કલઇ છે.

§ Able (એબ્લ) પ્રત્યયનો અર્થ 'જે થઇ શકે એવું' થાયછે; જેમકે *malleable* (મૅલીએબ્લ), જે હથોડાથી ટીપી શકાય એવું; *bearable* (બેરેબ્લ), જે ખમી શકાય એવું; *loveable* (લવએબ્લ), જે પ્યાર કરી શકાય એવું.

Ful (ફુલ) પ્રત્યયનો અર્થ 'ભરેલું' થાયછે: જેમકે *useful* (યૂસ્ફુલ), ઉપયોગ ભરેલું—ઉપયોગી; *faithful* (ફેથફુલ્), સચ્ચાઇ ભરેલું—પ્રમાણિક; નિમકહલાલ; *shameful* (શેમ્ફુલ્), લાજ— શરમ ભરેલું.'

XVI. READING—LESSON.

(વાંચન પાઠ ૧૬મો).

GOLD AND SILVER. સુનું અને રૂપું.

Beautiful, a. (બ્યૂટિફુલ્) સુન્દર; ખુબસુરત.
Sometimes, ad. (સમ્ટાઇમ્સ) કોઇ કોઇ વખત.
Precious, a. (પ્રેશ્યસ) કિમતી.
Because, conj. (બિકૉઝ્) કારણકે.
Scarce, a. (સ્કેર્સ) થોડું ; જુજ.
Dear, a. (ડીઅર) મોંઘું.
Perfect, a. (પરફેક્ટ્) સંપૂર્ણ.
Lose, v. t. (લૂઝ) ખોવું.
Bulk, n. (બલ્ક) કદ.
Passing, pr. p. (પાસિંગ્) [જતાં.
Rust, n. (રસ્ટ) કાટ.
Yellow, a. (યલો) પિળી.
Certain, a. (સર્ટન) ચોક્કસ.
Countries, n. (કન્ટ્રિઝ) દેશો; મુલકો.
Chiefly, ad. (ચીફ્લિ) મુખ્ય [કરીને.
Imbedded, p. p. (ઇમ્બેડેડ) ડટાયલું.
Rocks, n. (રૉકસ્) ખડકો.
Sand, n. (સૅન્ડ) રેતી.
Rivers, n. (રિવર્સ) નદીઓ.
(Is) coined, v. t. (કૉઇન્ડ) સિક્કા પાડવામાં આવેછે.
Money, n. (મનિ) પૈસા.
Mohurs, n. (મોહર્સ) મોહોર (રૂ. ૧૫ની).
Rings, n. (રિંગ્ઝ) વીંટીઓ.
Ornaments, n. (ઑર્નમેન્ટ્સ) ઘરેણાં.
Fine, a. (ફાઇન્) સુંદર.
Rupees, n. (રૂપીઝ) રૂપીઆ.
Half-rupees, n. (હાફ રૂપીઝ્) અડધા રૂપીઆ.
Common, a. (કૉમન) સાધારણ.
Valuable, a. (વૅલ્યુએબ્લ) કિમતી.

The rich, n. પૈસાદાર લોકો.
Dishes, n. (ડિશિઝ) રકાબીઓ.
Trays, n. (ટ્રેઝ) ખુમચા.
Cups, n. (કપ્સ) પ્યાલાં.
The poor, n. ગરીબ લોકો.
Jewels, n. (જુઅ્લ્સ) ઘરેણાં.
Articles, n. (આર્ટિકલ્સ) વસ્તુઓ.
Wood, n. (વુડ) લાકડું.
Frequently, ad. (ફ્રિક્વેન્ટલિ) વારેઘડીએ.
(Are) ornamented, v. t. (ઑર્નમેંટેડ) સણગારવામાં આવે છે.
Thin, a. (થિન) પાતળું.
Covering, n. (કવરિંગ) પડ.

સોનું તથા રૂપું બીજી ધાતુઓ કરતાં વધારે સુંદર છે. તેઓને કોઇ કોઇ વખત કિમતી ધાતુઓ કહેછે, કારણકે તેઓ ઘણીજ થોડી મળી આવેછે અને મોંઘી છે. તેઓને વળી સંપૂર્ણ ધાતુઓ કહેછે, કારણકે હેવતામાં રાખ્યાથી અથવા કાટથી તેઓનું કદ જરાપણ ઓછું થતું નથી.

સોનું એક પિળા રંગની, અને ઘણીજ ભારે ધાતુ છે. તે ચોક્કસ દેશોમાં, મુખ્ય કરીને અમેરિકા તથા ઓસ્ટ્રેલિઆમાં, કોઇ કોઇ વેળા કઠણ ખડકોમાં દટાયલું, અને કોઇ કોઇ વખત નદીઓની રેતીમાં મળી આવેછે. સોનાના પૈસા પાડેછે, જેમકે મોહોરો, અને વળી તે વીટી તથા બીજાં ઘરેણાં બનાવવાનાં કામમાં આવેછે.

રૂપું એ એક સુંદર સફેદ ધાતુ છે જે ખાણોમાંથી ખોદી કહાડેછે. સોનાની માફક, તેના પૈસા બનેછે, જેમકે રૂપીઆ, અડધા રૂપીઆ, અને આના. તે સોના કરતાં વધારે સાધારણ છે, પણ તેટલું કિંમતી નથી. પૈસાદાર લોકો પાસે રૂપાનાં ઘણાં વાસણો તથા ઘરેણાં હોયછે, જેવાંકે રકા-

બી, ખુમચા, અને પ્યાલાં; અને ગરીબ લોકો તેઓનાં ઘરેણાં રૂપાનાં બનાવેછે.

લાકડાની તથા ધાતુની ચીજોને વારે ઘડીએ સોના અથવા રૂપાનાં પાતળા પડથી સણગારવામાં આવેછે.

XVII. READING—LESSON.

COPPER AND BRASS. ત્રાંબું તથા પિત્તળ.

Copper, n. (કૅાપર) ત્રાંબું.
Brass, n. (બ્રાસ) પિત્તળ.
Reddish, a. (રેડિશ) થોડું રાતું.
Obtained, p. p. (ઑબ્ટેન્ડ) મેળવવામાં આવેછે.
Less, a. (લેસ) વધારે ઓછું.
Value, n. (વૅલ્યુ) કિમ્મત.
Inferior, a.(ઇન્ફીરિઅર) હલકું.
Pice, n. (પાઇસ) દોકોડીયાં.
Various, a. (વેરિયસ) જાતજાતના.
Sheets, n. (શીટ્સ્) પત્રાં.
Different, a.(ડિફરંટ)જૂદાંજૂદાં.
Purposes, n. (પર્પસિઝ) કામો.
Easily, ad. (ઇઝિલિ) જલદીથી; સેહેલાઇથી.
Rusts, v. i. (રસ્ટસ) કટાયછે.
Green, a. (ગ્રીન) લીલું.
Colour, n. (કલર) રંગ.
Verdigris, n. (વર્ડિગ્રિઝ) જંગાલ; ત્રાંબાપરનો કાટ.
Poisonous, a. (પોઇઝનસ્) ઝેહેરી.
Care, n. (કેર) સંભાળ.
To swallow, v. t. (ટુ સ્વૉલો) ગળી જવું; ખાવું.
Pretty, a. (પ્રિટિ) સુંદર.
Light, a. (લાઇટ્) હલકી.
Mixture, n. (મિક્સ્ચર) મેળવણી.
Zinc, n. (ઝિંક) જસત.
Harder, a. (હાર્ડર્)વધારે કઠણ.

Locks, n. (લૉકસ) કળો; તાળાં.
Hinges, n.(હિન્જિઝ)મીજાગરાં.
Lamps, n. (લૅમ્પ્સ) દીવીઓ.
Pots, n. (પૉટ્સ) વાસણો.
Cheap, n. (ચીપ્) સસ્તાં.
Jewels, n. (જુઅલ્સ) ઘરેણાં.
Furniture, n. (ફર્નિચર્) સરસામાન.
Clamps, n. (કલૅમ્પ્સ) ચાપડા.
Boxes, n. (બૉક્સિઝ) પેટીઓ.

ત્રાંબું (એ) જરા રાતા રંગની ધાતુ છે, જે રૂપા તથા સોનાની માફક આણોમાંથી મળી આવેછે, પણ તે બંને ધાતુઓ કરતાં વધારે ઓછી કિંમતની છે. હલકી જાતના પૈસા, જેવાંકે દોકડીયાં, એ ત્રાંબાનાં બનેછે. વળી તેનાં જાત જાતનાં વાસણો, તથા જૂદાં જૂદાં કામોને માટે મોટાં પત્રાં બનાવેછે. તે જલદીથી કટાયછે; ત્રાંબાનો કાટ, જે લીલા રંગનો હોયછે. અને જેને જંગાલ કહેછે, તે ઝેહેરીછે, અને તે આપણા ખાવામાં ન આવે તેની સંભાળ રાખવી જોઇએ.

પિત્તળ (એ) એક ઘણી સુંદર ફિક્કા પિળા રંગની ધાતુ છે, જે ત્રાંબું અને બીજી ધાતુ, જેને જસત કહેછે. તેની મેળવણીથી બનેલું છે. તે ચોખ્ખા ત્રાંબા કરતાં વધારે કઠણ છે. કળો, મજાગરા, દીવીઓ, વાસણો અને સસ્તાં ઘરેણાં પિત્તળનાં બનાવવામાં આવેછે. ઘર સણગારનો સામન, પેટીઓના ચાપડા, અને બીજી ઘણી ચીજો પિત્તળની બનાવવામાં આવેછે.

§ Ish (ઇશ) પ્રત્યયનો અર્થ 'થોડું—જરા, થાયછે; જેમ કે reddish, (રેડિશ) થોડું રાતું, bluish, (બ્લુઇશ) જરા આસમાની

XVIII READING—LESSON.

(વાંચન પાઠ ૧૮મો.)

Lead, Tin, &c. (સિસું, કલઈ, ઇત્યાદિ.)

Lead, n. (લેડ) સિસું.
Soft, a. (સૉફ્ટ) નરમ.
Heavy, a. (હેવિ) ભારે.
Gray, a. (ગ્રે) ભુરૂં; કાબરચિત્રું.
Is melted, v. t. (મેલટેડ્) પિગળાયછે.
General, a. (જેનરલ્) સાધારણ.
Use, n. (યૂસ) ઉપયોગ.
Except, pre. (એકસેપ્ટ્) સિવાય.
Pipes, n. (પાઇપ્સ) નળિઓ.
Cisterns, n.(સિસ્ટર્ન્સ)ટાંકીઓ.
Bullets, n.(બુલેટસ્)ગોળીઓ.
White, a. (ઉવ્હાઇટ) સફેદ.
Shining, a. (શાઇનિંગ્) ચળકતું.
Will become, v. t. (ઉવિલ બિકમ) થઇ જશે.
Dull, a.(ડલ)ઝાંખું; તેજ વગરનું.
Exposed, p. p. (એકસ્પોઝ્ડ્) ખુલ્લું મુકવામાં આવે.
Air, n. (એઅર) હવા.
Lanterns, n. (લૅન્ટર્ન્ઝ) ફાનસો.
Mugs, n. (મગ્ઝ) પ્યાલાં.
Covered, p. p. (કવર્ડ) પડચઢાવેલું; (કલઇ) દીધેલું.
Lining, n. (લાઇનિંગ) અસ્તર; પડ.
Prevent, v. t. (પ્રિવેન્ટ) અટકાવવું.
Rusty, a. (રસ્ટિ) કાટવાળું.
Pewter, n. (પ્યુટર) જસત.
Plates, n. (પ્લેટ્સ) રકાબીઓ.
Drinking, a. (ડ્રિંકિંગ)પીવાનાં.
Bell, n. (બેલ) ઘંટ.
Compound, n. (કૉમ્પાઉન્ડ્) મિશ્રધાતુ; મેળવણી.
Bell-metal, n. (બેલ-મેટલ્) કાંસું.

સિસું એ જરા આસમાની ભુરા રંગની નરમ અને ભારે ધાતુ છે. તે બહુ ટીપી શકાય એવી છે, અને તે જલદીથી પિગળે છે. લોઢા સિવાય બીજી કોઇપણ ધાતુ કરતાં તે વધારે સાધારણ ઉપયોગમાં આવેછે. પાણીની નળિઓ તથા ટાંકીઓ, બંદુકોની ગોળીઓ, અને ઘણીએક બીજી ચીજો સિસાની બનાવવામાં આવેછે.

કલઇ એક હલકી ધાતુ છે. જયારે તે નવી હોયછે ત્યારે તે સફેદ અને ચળકતી હોયછે, પણ જયારે વાપરવામાં, અથવા હવામાં ખુલ્લી મૂકવામાં આવેછે, ત્યારે તે ઝાંખી પડેછે. પેટીઓ, ફાનસો, પ્યાલાં, અને બીજી ચીજો કલઇ દીધેલાં લોઢાની બનાવવામાં આવેછે; અને લોઢાનાં વાસણોને કાટ ન ચઢે એટલા માટે તેમના ઉપર પડ કરવાને પણ કલઇ કામમાં આવેછે. સિસા સાથે મેળવેલી કલઇને જસત કહેછે, અને તે થાળીઓ, રકાબીઓ, અને પીવાનાં પ્યાલાં બનાવવાના કામમાં આવેછે. ત્રાંબા અને કલઇની મેળવણીથી ઘંટો બનેછે અને તેટલાસારૂ તે મેળવણીને કાંસું (ઘંટની ધાતુ) કહે છે.

XIX. READING—LESSON.

(વાંચન પાઠ ૧૯મો.)

IRON. (લોઢું).

Commonest, a. (કૉમનેસ્ટ) સર્વેથી સાધારણ.

Ore, n. (ઑર) કાચી ધાતુ.

Abundance, n. (ઍબન્ડન્સ) જથ્થો.

Various, a. (વેરિયસ) જુદા જુદા.

Parts, n. (પાર્ટસ્) ભાગો.

Country, n. (કંટ્રિ) દેશ.

Nails, n. (નેલ્સ્) ખીલા.

Hammers, n. (હૅમર્સ્)હથોડીઓ.
Chisels, n. (ચિઝલ્સ) ચિં-
    ધણાં ; ફરસીઓ.
Tools, n. (ટૂલ્સ્) હથિયારો.
Sorts, n. (સૉર્ટ્સ્) જાતો.
Implements, n. (ઇમ્પ્લીમેં-
    ન્ટ્સ્) ઓજારો; હથિયારો.
Husbandry, n. (હસ્બન્ડ્રિ) ખે-
    તીવાડી.
Mechanical, a. (મિકૅનિકલ્)
    યંત્રસંબંધી.
Carpenters, n. (કારપેન્ટર્સ)
    સુથાર.
Blacksmiths, n. (બ્લૅકસ્મિ-
    થ્સ્) લુહારો.
Weapons, n. (ઉવેપન્સ) હ-
    થિયારો.
War, n. (ઉવૉર્) લડાઇ.
Kettles, n. (કેટલ્સ) કીટલીઓ.
Swords, n. (સૉર્ડ્ઝ) તલવારો.
Cooking, n. (કુકિંગ) રાં-
    ધવાનાં. [કઠણ.
Hardest, a. (હાર્ડેસ્ટ) સર્વથી

Near to, pre. (નીયર ટુ)
    નજદીક ; પાસે. [જથ્થા.
Quantities, n. (કવૉન્ટિટિઝ્)
Coal, n. (કોલ) કોલસો.
Manufacture, n. (મૅન્યુફૅક-
    ચર) બનાવટ.
Superiority, n. (સુપિરિઑ-
    રિટિ) મ્હોટાઇ. [સાંચા કામ.
Machinery, n. (મૅશીનરિ)
Chiefly, ad. (ચીફ્લિ) મુખ્ય
    કરીને. [લીધે.
Owing to, v. i. (ઓઇંગ ટુ)
Fact, n. (ફૅક્ટ) બાબદ.
Steel, n. (સ્ટીલ્) તિખું લોઢું.
Purified, p. p. (પ્યુરિફાઇડ્)
    સાફ કીધેલું.
Hardened, p. p. (હાર્ડન્ડ્)
    કઠણ કીધેલું. [જાયબ જેવી.
Peculiar, a. (પિક્યૂલ્યર) અ-
Process, n. (પ્રોસેસ) રીત.
Fit, a. (ફિટ) લાયક.
Cutting, n. (કટિંગ) કાપવાનાં.
Knives, n. (નાઇવ્ઝ્) છરીઓ.

Piercing, a. (પીયર્સિંગ) ભોંકવાનાં.

Needles, n. (નીડલ્સ) સોયો.

Scissors, n. (સિઝર્સ) કાતરો.

લોઢું ઘણુંજ સાધારણ, પણ સઘળી ધાતુઓ કરતાં, વધારે ઉપયોગી છે. લોઢાની કાચી ધાતુ જમીનમાંથી ખોદી કહાડવામાં આવેછે. આ દેશના (હિંદુસ્તાન) જૂદા જૂદા ભાગોમાં તે જથ્થાબંધ મળી આવેછે, અને તેનાં ખીલા, તાળાં, મજાગરાં, હથોડા, વિંધણાં અને સઘળી જાતનાં હથિયારો બનાવવામાં આવેછે. સઘળાં ખેતીવાડીનાં ઓજારો તથા કારીગરીનાં હથિયારો જે સુતારો, લુહારો, અને બીજાઓ વાપરેછે તે, અને વળી લડાઇનાં હથિયારો, જેવીકે બંદુકો અને તલવારો લોઢાના બનાવવામાં આવેછે. હાલ્લાં તથા કીટલીઓ અને બીજાં રાંધવાંનાં વાસણો પણ લોઢાનાં બનાવવામાં આવેછે. લોઢું સઘળી ધાતુઓ કરતાં વધારે કઠણ, પણ હલકું છે.

લોઢું ઇગ્લાંડમાં કોલસાના મોટા જથ્થાઓની નજદીક મળી આવેછે, જે તેની બનાવટનેસારૂ વપરાયછે. બીજા દેશો કરતાં સંચા કામમાં ઇંગ્લાંડની મ્હોટી મ્હોટાઇ, વિશેષ કરીને આ બાબદને લીધે છે.

તિખું લોઢું એ એક અજાયબ રીતે સાફ તથા કઠણ કીધેલું લોઢું, છે, કે જેથી કાપવાનાં તથા ભોંકવાનાં હથિયારો જેમકે છરાઓ, સોયો. કાતરો, અને તલવારોને (તે) લાયકનું થાયછે.

XX. READING—LESSON.

(વાંચન પાઠ ૨૦મો.)

ઉદ્યોગ, અથવા ખેડુત અને તેના છોકરાઓ.

Industry, n. (ઇન્ડસ્ટ્રિ) ઉદ્યોગ.

Husbandman, n. (હસ્બંડમૅન) ખેડુત; કણબી.

Certain, a. (સર્ટન) કોઇએક.
(Was) lying, v. i. (લાઇંગ) પડેલો હતો. [ડેથ્) મરણતોલ.
Point of death, (પૉઇન્ટ ઑફ્
Desirous, a. (ડિઝાયરસ) ઇચ્છાતુર ; ખાહેશમંદ.
Follow, v. t. (ફૉલો) ચલાવવો. (રોજગાર). [ણિક ; ખરો.
Honest, a. (ઑનેસ્ટ) પ્રમા-
Course of life, (કૉર્સ ઑફ્ લાઇફ્) રોજગાર ; ધંધો.
Had done, v. t. (હૅડ ડન્) કીધો હતો ; ચલાવ્યો હતો.
Called, v. t (કૉલ્ડ્) બોલાવ્યા.
Bedside, n. (બેડસાઇડ) બીછાના આગળ.
Thus, ad. (ધસ) આ પ્રમાણે.
Spoke, v. t. (સ્પોક) બોલ્યો.
Dearest, a. (ડીયરેસ્ટ્) સર્વથી વાહાલાં—પ્યારાં.
Children, n. (ચિલ્ડ્રન) બચ્ચાં ; છોકરાં.

Estate, n. (એસ્ટેટ્) માલ ; મિલકત.
(To) leave, v. t. (લીવ્) આપવાને. [રોગે.
But, pre. (બટ્) સિવાય. વત-
Garden, n. (ગાર્ડન) બાગ; વાડી.
Joint, a. (જૉઇન્ટ) ભેગા ; એકઠા.
Hope, n. (હોપ) આશા રાખવી.
Respect, n. (રિસ્પેક્ટ્) માન ; આબરૂ.
Dead and gone, (ડેડ્ ઍન્ડ્ ગૉન્) (મારા) મુઆ પછી.
Regard, n. (રિગાર્ડ) દરકાર.
Own, pro. (ઓન) પોતાના.
Welfare, n. (વેલ્ફેર) આબાદી. [જવા દેવું.
To part with, (ટુ પાર્ટ વિથ)
Account, n. (ઍકાઉન્ટ) રીત ; પ્રકાર. [દોલત.
Treasure, n.(ટ્રેઝર્) ખજાનો ;
Master, n. (માસ્ટર) માલીક ; ધણી.

Lies, v. i. (લાઇઝ્) પડેલી છે.
Buried, p. p. (બેરિડ્) દટાયલી. [કોઇ ઠેકાણે.
Somewhere, ad. (સમ્ઉહ્વેર)
Within, pre. (ઉિવધિન્ અંદર; માં. [ચનો.
Foot, n. (ફુટ) ફુટ (૧૨) ઇં-
Surface, n. (સર્ફેસ) સપાટી.
Power, n. (પાઉઅર્) શકિત ; જોર.
Spot, n. (સ્પૉટ્) જગ્યા; ઠેકાણું.
Farewell, ad. (ફેર ઉવેલ) ભલું થજો ; કલ્યાણ હોજો.
Dealings, n. (ડીલિંગ્ઝ) લેવડદેવડ ; ધંધો ધાપો.
Each other, pro. (ઇચ અધર) અરસપરસ ; એકમેકને.
Ought to be, (ઑટ ટુ બિ) થવું ઘટે. [ધ્યાનમાં રાખજો.
Be sure, (બિ સ્યૂર) સંભાળજો;
Forget, v. t. (ફૉરગેટ) ભૂલવું; ચૂકવું. [શિખામણ.
Advice, n.(ઍડવાઇસ) સલાહ;

Soon after, ad. (સુન આફ્ટર) જેવો—પછી તરતજ.
Was in grave, મરી ગયો.
Set about searching, (સેટ-અબાઉટ સર્ચિંગ)શોધવા મંડયા.
Supposed, v. t. (સપોઝ્ડ્) વિચારતા હતા.
Hidden, v. t. (હિડન્) છુપાવેલું ; સંતાડેલું. [જમીન.
Ground, n. (ગ્રાઉન્ડ) ભોંય ;
When it is found, જયારે તે જડશે.
Enough, a. (ઇનફ) પૂરતું.
To spare, v. t. (ટુ સ્પેર) બચાવવું.
Sons, n. (સન્સ) છોકરો.
King, n. (કિંગ) બાદશાહ;રાજા.
Briskly, ad. (બ્રિસ્કલિ) ઝડપથી ; જલદીથી.
As could be, (ઍઝ કુડ બિ) જેમ બની શકયું તેમ.
Missed, v. t. (મિસ્ડ) ખોયું ; ગુમાવ્યું ; ન મળ્યું.

Golden, a. (ગોલ્ડન) સોનાનો.
Labour, n. (લેબર) મેહેનત.
Was turned up, v. t. ઉથલ
પાથલ થઈ. [પ્યું.
Yielded, v. t. (ઈલ્ડેડ્) આ-
Abundance, n. (ઍબન્ડન્સ)
જથ્થો. [ભાજીપાલો; તરકારી.
Vegetables, n. (વેજિટેબલ્સ્)
Fruit, n. (ફ્રૂટ્)મેવો. [થયું.
Proved, v. t. (પ્રૂવ્ડ) સાબેત
Indeed, ad. (ઇન્ડીડ્) ખરેખર.
Moral, n. (મૉરલ્) સાર.
Tilleth, v. t. (ટિલેથ્) ખેડેછે.

Land, n. (લૅન્ડ) જમીન.
Plenty, (પ્લૅન્ટિ) પુષ્કળ.
Bread, n. (બ્રેડ) રોટલી; (મે-
હેનતનું ફળ). [પૈસો ટકો.
Wealth, n. (વેલ્થ) દોલત ;
Gotten, p. p. (ગૉટન્) મેળ-
વેલી. [ગર્વ.
Vanity, n. (વૅનિટિ) મગરૂરી;
Diminish, v. i. (ડિમિનિશ)
ઓછું થવું.
Gathereth, v. t. (ગૅધરેથ્)
એકઠું કરેછે.
Increase, v. i.(ઇન્ક્રીઝ) વધવું.

કોઈએક ખેડુત મરણતોલ પડયો હતો, અને જે પ્રમાણિક ધંધો પોતે ચલાવ્યો હતો તેજ તેના બે છોકરાઓ ચલાવે એવો ઇચ્છાતુર હોવાથી, તેણે તેઓને પોતાની પથારી આગળ તેડયા, અને તેઓને આ પ્રમાણે કહ્યું:—તે બોલ્યો, "મ્હારા સર્વથી વ્હાલા છોકરાઓ મ્હારી પાસે મ્હારા વાડી સિવાય તમને આપવાને બીજી કાંઈ મિલકત નથી, કે જે (વાડી) ના મેં તમને બેગા વારસ કીધા છે; અને હું આશા રાખું છું કે તમે મ્હારા મરણ પછી મ્હારી એટલી બધી આબરૂ રાખશો, તથા તમારી પોતાની આબાદાની માટે એટલી બધી દરકાર રાખશો, કે જે મેં તમને સ્વાધીન કીધું છે તે કોઈ પણ પ્રકારે જવા દેશો માં. જે સઘળી દોલતનો હું ધણી છું, તે (દોલત) ની જગ્યા તમોને દેખાડવા જવાની જોકે મ્હારામાં શકિત નથી,

તો પણ તે મ્હારી વાડીમાં કોઈક ઠેકાણે જમીનની સપાટીથી એક ફુટ નિચે દટાયલી પડી છે. મ્હારા છોકરાઓ, ત્યારે તમારૂં ભલું થજો; તમારા સઘળા ધંધા રોજગારમાં પ્રમાણિક રેહેજો, અને જે પ્રમાણે ભાઈઓને થવું ઘટેછે તે પ્રમાણે એકમેક ઉપર પ્યાર અને માયા રાખજો, પણ સંભાળજો વાડી સંબંધી મારી શિખામણ કદી ભૂલી જશો માં." જેવો તે બુઢ્ઢો માણસ મરણ પામ્યો કે પછી તરતજ, તેના છોકરાઓ તેની દોલત જે જમીનમાં છુપાવી રાખેલી હતી એવું તેઓ ધારતા હતા, તે શોધવા મંડી ગયા. તેઓ બોલ્યા, "જયારે તે આપણુને જડશે, ત્યારે આપણી પાસે પૂરતા પૈસા થશે તથા બચશે, અને આપણે રાજાના છોકરાઓની માફક રહીશું" તેથી તેઓ બંને જેમ બન્યું તેમ જલદીથી કામે ગયા, અને જોકે સોનાનો ખજાનો જે તેઓ મેળવવાને ધારતા હતા, તે તેઓને નહીં મળ્યો, તોપણ તેઓની ભેગી મેહેનતથી તે વાડી (ની જમીન) એવી તો સારી ખેડાઈ અને ઉથલ પાથલ થઈ કે, તેઓને પુષ્કળ ભાજીપાલો તથા મેવો મળ્યો, જે ખરેખર એક દોલત થઈ પડી.

સાર.

જે કોઈ પોતાની જમીન ખેડે છે તેને પુષ્કળ રોટલી (મેહેનતનું ફળ) મળશે. મગરૂરાથી મેળવેલી દોલત ઓછી થશે, પણ જે મેહેનત કરીને એકઠી કરેછે તેની વધશે.

XXI.. READING—LESSON.

(વાંચન પાઠ ૨૧મો). (મ્હોડે કરવાનો.)

સુખી ઘડપણ સાથી થાયછે.

Old, a. (ઓલ્ડ) બુઢ્ઢો; ઘરડો; જઈફ.

William, n. (વિલ્યમ) માણસનું નામ છે.

Young, a. (યંગ્) જુવાન.
Cried, v. t. (ક્રાઇડ્) બોલ્યો.
Locks, n. (લૉકસ) ગુચ્છા;
જુલફાં. [રહ્યાં છે.
(Are) left, v. t. (આર્ લેફ્ટ્)
Hale, n. (હેલ) જોરાવર; તં-
દુરસ્ત. [વાન; જોરાવર.
Hearty, a. (હાર્ટિ) હિમ્મત-
Reason, n. (રીઝન્) કારણ;
સબબ.
Pray, v. i. (પ્રે) વિનંતી કરૂં છું.
Days, n. (ડેઝ) દિવસો.
Youth, n. (યૂથ) જુવાની.
Replied, v. i. (રિપ્લાઇડ્)
જવાબ દીધો; ઉત્તર વાળ્યો.
Rememberd, v. t. (રિમે-
મ્બર્ડ) યાદ રાખ્યું.
Would fly, v i. (ઉડ ફ્લાઇ)
જતી રેહેશે. [ઝડપથી.
Fast, ad. (ફાસ્ટ) જલદીથી;
Abused, v. t. (ઍબ્યૂઝ્ડ)
બગાડી; આડે માર્ગે વાપરી.
Health, n. (હેલ્થ્) તંદુરસ્તી.

Vigour, n. (વિગર) જોર; કૌ-
વત; બળ. [પહેલાં; પ્રથમમાં.
At first, ad. (ઍટ ફર્સ્ટ)
Need, v. t. (નીડ) ગરજ પડવી.
At last, ad. (ઍટ લાસ્ટ્) છેલ્લી
વખતે; આખરે. [જમજા.
Pleasures, n. (પ્લેઝર્સ) મો-
Pass away, v. i. (પાસ્ અ-
ઉવે) જતી રહેછે.
Lament, v. t. (લૅમેન્ટ) વિ-
લાપ કરવો; દલગીર થવું. [શકવું.
Could last, v.i.(કુડ લાસ્ટ)ટકી
Thought, v. t. (થૉટ્) વિચાર્યું.
Future, n. (ફ્યુચર) આવતો
વખત; ભવિષ્ય.
Whatever, pro. (ઉવૉટએ-
વર) જે કાંઇ; જે જે.
Grieve, v. i. (ગ્રીવ્) દલગીર
થવું; સંતાપ કરવો.
Past, n. (પાસ્ટ્) કીધેલાં કામો.
Life, n. (લાઇફ) જીંદગી.
Hastening, v. i. (હેસનિંગ)
ઉતાવળથી જવું.

Cheerful, a. (ચીયરફુલ) આનંદી; ખુશાલ.
Love, v. t. (લવ). ચાહવું; [ખુશી થવું.
To converse, v. i. (ટુ કન્વર્સ) વાતચિત કરવાને.
Death, n. (ડેથ્) મોહોત; મરણ.
Cause, n. (કૉઝ્) કારણ.

Attention, n. (ઍટેન્શન્) ધ્યાન; લક્ષ.
Engage, v. t (એન્ગેજ) રો- [કવું; લગાડવું.
Forgotten, v. t. (ફરગૉટન્) ભૂલી ગયો.
Age, n. (એજ) ઘડપણ; બુઢ્ઢાપે.

તે જુવાન માણસ બોલ્યો, "હવિલિઅમ બાવા તમે ઘરડા છો, તમારાં જે થોડાં જુલફાં રહ્યાં છે તે પાકી ગયાંછે; હવિલિઅમ બાવા તમે જોરાવર તથા હિમ્તવાન બુઢ્ઢા માણસ છો, હું વિનંતિ કરૂં છું કે, મને હવે તેનું કારણ કહો."

ઉવિલિઅમ બાવાએ જવાબ દીધો કે, "મ્હારી જુવાનીના દિવસોમાં મેં યાદ રાખ્યું હતું કે જુવાની જલદીથી જતી રેહેશે, અને (તેટલા માટે) મેં મ્હારી તંદુરસ્તી અને જોર પેહેલવેહેલાં આડે માર્ગે વાપર્યાં નહીં, એટલા માટે કે મને છેલ્લી વખતે તેમની કદી જરૂર નહીં પડે."

તે જુવાન માણસ બોલ્યો કે, "હવિલિઅમ બાવા તમે ઘરડાછે અને જુવાની સાથે મોજમજા જતી રહેછે, તોપણ જે દહાડા ગયા છે તેનો તમે વિલાપ કરતા નથી; હું વિનંતિ કરૂં છું, કે મને હવે તેનું કારણ કહો."

હવિલિઅમ બાવાએ જવાબ દીધો કે, "મ્હારી જુવાનીના દહાડામાં મેં યાદ રાખ્યું હતું કે જુવાની ટકી શકવાની નથી. અને જે કાંઇ હું કરતો તેમાં આવતા વખતનો વિચાર રાખતો હતો, કે કીધેલાં કામોને મને કદી શોક કરવો પડે નહીં."

તે "જુવાન માણસ બોલ્યો કે, ઉવિલિઅમ બાવા તમે ઘરડાછો, અને જીંદગી ઉતાવળી જતી રેહેવાની; તમે આનંદી છો, અને મોત વિશે વાતચિત કરવામાં તમે મજા લોછો; હું વિનંતી કરૂંછું કે, હવે મને તેનું કારણ કહો."

ઉવિલિઅમ બાવાએ જવાબ દીધો કે, "જુવાન માણસ હું આનંદી છું તેના કારણપર ત્હારૂં લક્ષ લગાડ: મેં મ્હારા જુવાનીના દિવસોમાં મ્હારા ઇશ્વરને યાદ કીધો હતો. અને તે મને મ્હારાં ઘડપણમાં વીસરી નથી ગયો !"

સમજણ.

Father—ઘરડા માણસને કેહેવાની અદબ ભરેલી એક રીત છે. *Locks*—બાલના (ગુચ્છા). *Hearty*—હિમ્મત તથા જોસથી ભરેલું. *Pleasures with youth*—જ્યારે જુવાની જતી રેહેછે, ત્યારે મોજ મજાની શકિત પણ જતી રેહેછે;—('The summer comes with flower and bee. એ વાકયની સાથે ઉપલાનો મુકાબલો કરો. *Love to converse*—વાતચીત કરવામાં મજા લોછો. *Let the cause, &c.*—હું આનંદી શા માટે છું તેના કારણ વિશે સારીપેઠે વિચાર કર.

XXII. READING-LESSON.

(વાંચન પાઠ ૨૨ મો.) (છોકરાઓને શિખામણ.)

Counsels, n. (કાઉન્સિલ્ઝ) શિખામણ.
Never, ad. (નેવર્) કદી નહીં.
Untruth, n. (અન્ટ્રુથ્) જુઠું.
Relating, v. t. (રિલેટિંગ) કહેતા હો.

Anything, n. (એનિથિંગ્) કાંઇપણ ચીજ.

Exactly, ad. (એકક્ટલિ) બરોબર; તેવુંજ. [બદલવું.

Alter, v. t. (ઑલ્ટર) ફેરવવું;

Invent, (ઇન્વેન્ટ) જોડી-શોધી કહાડવું. [સુંદર.

Prettier, a. (પૅટ્રિઅર) વધારે

Story, n. (સ્ટોરિ) વાર્તા.

Persons, n. (પર્સન્સ્) લોકો; માણસો. [સત્યતા.

Truth, n. (ટ્રુથ્) સચ્ચાઇ;

Jest, n. (જેસ્ટ) મશ્કરી; મજાક.

Consider, v. t. (કન્સિડર્) વિચારવું. [લાત; વચન.

Promise, n. (પ્રૉમિસ) કબુ-

Thing, n. (થિંગ) ચીજ.

Trust, v. t. (ટ્રસ્ટ) ભરોસો કરવો. [નવું; ઇતબાર રાખવો.

Believe, v. t. (બિલીવ) માનવું

Wrong, n. (રૉંગ્) ખોટું કામ.

Deny, v. t. (ડિનાઇ) ના પાડવું; ના કબુલ જવું.

Afraid, a. (અફ્રેડ્) ધાસ્તી ખાધેલું; બિધેલું.

Will be punished, v. t. (ડ્વિલ બી પનિશ્ડ) શિક્ષા કરવામાં આવશે.

Sorry, a. (સૉરિ) દલગીર.

Try, v. t. (ટ્રાઇ) તજવીજ-કરવી; કોશેશ કરવી.

People, n. (પીપ્લ્) લોકો.

Very seldom, ad. (,સેલડમ) કદાચજ; કવચિતજ.

Angry, a. (ઍંગ્રી) ગુસ્સે.

Always, ad. (ઑલ્વ્વેઝ) હંમેશ; નિત્ય.

Since, conj. (સિન્સ્) જયારથી.

Even. ad. (ઇવન્) બી; વળી.

Hide, v. t. (હાઇડ્) છુપાવવાને.

Fault, n. (ફૉલ્ટ) ગુન્હો.

Prevent, v. t. (પ્રીવેન્ટ) બચી જવું.

Are asked, v. t. (આર આસ્કડ્) પૂછવામાં આવે.

Question, n. (કવેશ્ચન) સવાલ.

Answer, v. t. (ઍન્સર) જ-
વાબ દેવો; ઉત્તર વાળવો.

Boldly, ad. (બોલ્ડલિ) હિ-
મ્મતથી. [વિચારીને.

Thinking, pr.p. (થિંકિંગ)

Simply, ad. (સીમપ્લિ) સાદી-
ખુલ્લી રીતે. [વાય; વગર;નહી તો

Unless, conj. (અન્લેસ) સિ-

Plain, a. (પ્લેન્) સ્પષ્ટ; સાદો.

Questioned, p. p. (કવેશ્ચ-
ન્ડ) સવાલ પૂછવામાં આવે.

કદી જૂઠું બોલતા નહીં. જ્યારે તમે કોઇ ચીજ વિશે જોયલું કે સાંભળેલું કેહેતા હો, ત્યારે તે જેવું હોય તેવુંજ ખરેખર કેહેજો. તમારા વિચાર પ્રમાણે, વધારે સુંદર વાત બનાવવાને, (તેમાંનો) કોઇ પણ ભાગ બદલતા કે જોડી કાહાડતા નહીં. જો તમે કોઇ પણ ભાગ ભૂલી ગયા હો, તો કેહેજો કે તે તમે ભૂલી ગયા છો. જે માણસો સચ્ચાઇને ચાહેછે તેઓ મશ્કરીમાં પણ કદી જૂઠું બોલતા નથી.

(તમે) વચન આપો તેની પેહેલાં પૂરતો વિચાર કરજો. જો તમે કહો કે હું એક ચીજ કરીશ, અને તમે તે નહીં કરો તો તમે તે જૂઠું કેહેશો; અને ત્યારે કોણ તમારો વિશ્વાસ તથા ઇતબાર રાખશે?

જ્યારે તમે ખોટું કામ કીધું હોય, ત્યારે તેને માટે તમને શિક્ષા થશે એવી જો તમને ધાસ્તી હોય તો પણ તે ના કબુલ જરો માં. તમે જે કીધું હોય તેને માટે જો (તમે) દલગીર થાઓ, અને તેવું ફરીથી ન કરવાને કોશેશ કરો તો, લોકો કદાચજ તમારી ઉપર ગુસ્સે થશે, અથવા તમને સજા કરશે. તેઓ તમને સાચું બોલવામાટે ચાહાશે; જ્યારથી તેઓને માલમ પડશે કે તમે ગુન્હો છુપાવાને તથા પોતાને થતી શિક્ષામાંથી બચવાને પણ જાઠું બોલતા નથી, ત્યારથી તેઓ વિચારશે કે જે તમે કહો તે આપણે હંમેશાં માનવું.

જ્યારે તમને કાંઈ સવાલ પૂછવામાં આવે, ત્યારે સચ્ચાઈનેજ માત્ર વિચાર કરીને હિંમતથી અને ખુલ્લી રીતે જવાબ આપજો. હરકોઇ છોકરાને જ્યારે સવાલ પૂછવામાં આવે ત્યારે તેનો જો તે સ્પષ્ટ રીતે જવાબ નહીં આપે તો હમે તેવા છોકરા ઉપર વિશ્વાસ તથા આશા રાખી શકતા નથી.

XXIII. READING—LESSON.

(વાંચન પાઠ ૨૩મો.)

Forests, n. (ફૉરિસ્ટસ) જંગલો.
India, n. (ઇન્ડિયા) હિંદુસ્થાન.
Contain, v. t. (કન્ટેન્) અંદર હોયછે–સમાવેછે.
Timber, a. (ટિમ્બર) ઇમારતને લાયકનું લાકડું.
Trees, n. (ટ્રીઝ) ઝાડો.
Among, pre. (ઍમંગ) માં.
Teak, n. (ટીક) સાગ; સાગનું લાકડું.
Useful, a. (યૂસ્ફુલ) ઉપયોગી.
Sal, n. (સાલ્) એક જાતનું લાકડું; સાગ.
Lofty, a. (લૉફ્ટિ) ઉંચું.
Valuable, a. (વૅલ્યુએબલ) કીમતી.
Sandal, n. (સૅન્ડલ) સુખડ; ચંદન.
Ebony, n. (એબની) અબનુસનું લાકડું.
Precious, a. (પ્રેશ્યસ) કીમતી.
Beautiful, a. (બ્યૂટિફુલ) સુંદર; સોભિતાં.
Woods, n. (ઉડ્ઝ) લાકડાં.
Abundance, n. (ઍબન્ડન્સ) જથ્થો.
Banian-tree, n. (બન્યન્-ટ્રી) વડનું ઝાડ.
Cotton-tree, n. (કૉટન્-ટ્રી) રૂનું ઝાડ.

Sissoo or Black-wood-tree, n. (સિસુ-બ્લૅકઉડ-ટ્રી) સીસમનું ઝાડ. [ઝાડો.
Mangoes, (મૅંગોઝ્) આંબાનાં
Tamarinds, n. (ટૅમરિન્ડ્ઝ્) આમલીનાં ઝાડો.
Both, a. (બોથ) બન્ને; બેઉ.
Ornamental, a. (ઑર્નમેન્ટલ્) સુંદર; શોભીતું.
Are scattered, v. t. (આર સ્કૅટર્ડ) પથરાયલાંછે. [ખેડાયલું.
Cultivated, a. (કલ્ટિવેટેડ્)
Babul, n. (બાબુલ) બાવળ.
Sweet-scented, a. (સ્વીટ-સેન્ટેડ) સુગંધી; ખુશબોદાર.
Flower, n. (ફ્લાઉઅર) ફુલ.
Grows, v. i. (ગ્રોઝ્) ઉગેછે.
Profusion, n. (પ્રોફ્યૂઝન) જથ્થો.
Woods, n. (ઉડ્ઝ્) જંગલો.
Plain, n. (પ્લેન્સ) મેદાનો.
Acacia, n. (ઍકેશ્યા) બાવળની જાતનું ઝાડ.
Various, a. (વેરિયસ) જાતજાતના.
Flowering, a. (ફ્લાઉઅરિંગ) ફુલવાળાં.
Abound, v. i. (ઍબાઉન્ડ્) પુષ્કળ—જથ્થાબંધ થવું.
Mulberries, n. (મલ્બેરિઝ્) શેતૂરનાં ઝાડો.
Are planted, v. t. (આર પ્લૅન્ટેડ્) રોપવામાં આવેછે.
In great numbers, (ઇન ગ્રેટ નમ્બર્ઝ) સંખ્યાબંધ.
Means, n. (મીન્સ) સાધનો.
Furnishing, n. (ફર્નિશિંગ) પૂરૂં પાડવાના.
Supply, n. (સપ્લાઇ) જથ્થો.
Silk, n. (સિલ્ક) રેશમ.
Cocoa, n. (કોકો) નાળિએરી.
Palmyra, n. (પલ્માઇરા) તાડની એક જાત.
Palms, n. (પામ્સ) તાડો.
Common, a. (કૉમન) સાધારણ.

હિંદુસ્તાનનાં જંગલોમાં પુષ્કળ ઇમારતનાં લાકડાંનાં ઝાડો છે, જેમાં સાગ (એ) સર્વથી ઉપયોગી છે. ' સાલ ' (એ) એક ઊંચું અને કીમતી ઇમારતનાં લાકડાંનું ઝાડ છે. સુખડ, અબનુસ, અને બીજાં કીમતી અને સુંદર લાકડાં વારેઘડીએ ઘણાંજ જથ્થાબંધ મળી આવેછે. વડનાં ઝાડો, રૂનાં ઝાડો, સીસમનાં ઝાડો, આંબા તથા આમલીનાં ઝાડો, અને બીજાં સુંદર તથા ઉપયોગી ઝાડો, (આ) ખેડાયલાં દેશમાં પથરાયલાં છે.

સુગંધી પીળાં ફુળવાળું બાવળનું, અથવા અરબ્બી ગુંદરનું ઝાડ, જંગલો અને મેદાનો (એ) બન્નેમાં જથ્થાબંધ ઉગેછે. બે જાતના બાવળ અને બીજાં જાતજાતનાં ફુલનાં ઝાડો પુષ્કળ ઉગેછે. હિંદુસ્તાનમાં શેતુરનાં ઝાડો સંખ્યાબંધ રોપવામાં આવેછે, અને તે (ઝાડો) રેશમનો એક મોટો જથ્થો પૂરો પાડવાના સાધનો છે. નાળિએરી, તાડ, અને બીજાં ખજૂરીનાં ઝાડો સાધારણ છે.

XXIV. READING—LESSON.

(વાંચન પાઠ ૨૪ મો.)

Palms.—I. The Cocoanut Tree.

તાડ—ભાગ ૧લો. નાળિએરી.

Cocoanut, n. (કોકોનટ) નાળિએર. [નાળિએરી.
Cocoa-Palm, n. (કોકો-પામ)
Yields, v. t. (યીલ્ડ્ઝ) આપેછે.
Nut, n. (નટ) ફળ.
Filled, p. p. (ફિલ્ડ) ભરેલું.
Milky, a. (મિલ્કિ) દુધ જેવું.
Fluid, n. (ફ્લુઇડ) પ્રવાહી પદાર્થ.
Lined, p. p. (લાઇન્ડ) પડ ચડાવેલું; અસ્તર કાપેલું.
Thick, a. (થિક્) જાડું; ઘટ.
Coating, n. (કોટિંગ્) પડ.

Kernel, n. (કર્નલ) કોપરૂં.
Food, n. (ફૂડ) ખોરાક.
On account of, (ઑન ઍકાઉન્ટ ઑફ) લીધે; માટે.
Oil, n. (ઑઇલ) તેલ.
(Is) manufactured, v.t. (મૅન્યુફૅક્ચર્ડ) બનાવવામાં આવેછે.
Vast extent, (વાસ્ટ ઍક્સ્ટેન્ટ) પુષ્કળ; ઘણુંજ.
Shell, n. (શેલ) કાચલું.
(Is)used, v.t. (યૂઝ્ડ) વપરાય છે.
Pipe-bowls, n. (પાઇપ-બોલ્સ) હુક્કાની કળીઓ. [સાધારણ.
Universal, a. (યુનિવર્સલ)
Husk, n. (હસ્ક) છાલું.
Coir, n. (કૉયર) કાથો; (દોરડું બનાવવાનો).
(Is) enveloped, v. t. (ઍન્વેલપ્ડ) વિંટળાયલું છે.
(Is) composed, v. t. (કમ્પોઝ્ડ) બનેલું છે.
Fibres, n. (ફાઇબર્સ) રેસા; દોરા.
Form, v. t. (ફૉર્મ) બનેછે.
Cordage, n. (કૉર્ડેજ) દોરડું.
Cable, n. (કેબલ) લંગરનું દોરડું.
Capable, a. (કેપેબ્લ) લાયક; યોગ્ય.
Employed, p. p. (ઍમ્પ્લૉયેડ) કામમાં આવ્યું. [તારનું.
Carpenter's, n. (કારપેન્ટર્સ) સુ-
Work, n. (વર્ક) કામ.
Peculiarly, ad. (પિક્યુલિઅર્લિ) સરસ રીતે. [લાયક કીધેલું છે.
Is adapted, v.t. (ઇઝ્ ઍડૅપ્ટેડ્)
Pipe, n. (પાઇપ) નળ.
Conveying, pr. p. (કન્વેઇંગ) લઇ જવાને.
Beams, n. (બીમ્સ) ભારોઠીયાં.
Light, a. (લાઇટ) હલકું.
Broad, a. (બ્રૉડ) પોહોળું.
Wooden, a. (વુડન્) લાકડાંના.
Bridges, n. (બ્રિજિઝ) પુલો.
Purposes, n. (પરપઝીઝ) કામો.
Length, n. (લેંગ્થ) લંબાઇ.
Is required, v. t. (ઇઝ્ રિક્વાયેડ) જોઇએછે. [મજબૂતાઈ.
Strength, n. (સ્ટ્રેંગ્થ) જોર;

નાળિએરી (એ) એક દૂધ જેવા પ્રવાહી પદાર્થથી ભરેલું, અને કોપરાના જાડા પડથી અસ્તર થયલું ફળ આપેછે. (એ) ફળ ખોરાક અને તમાંથી જે પુષ્કળ તેલ કહાડવામાં આવેછે તે બન્નેનેમાટે ઉપયોગી છે. (તેનું) કાચલું પ્યાલાં, હુક્કાની કળીઓ અને બીજાં વાસણો કે જેમાંનાં કેટલાંક સાધારણ ઉપયોગમાં આવેછે, તે બનાવવાના કામમાં આવેછે. તેનું જાડું છાલું જેને કાથો કહેછે, જેમાં એ (ફળ) વિટલાયલું હોયછે, તે રેસા રેસાનું બનેલું છે, જે (રેસા) નું કિંમતી દોરડું તથા વહાણના લંગરનું સર્વથી સરસ જાતનું દોરડું બનેછે. નાળિએરીનું લાકડું જો કે સુતારના કામમાં આવવાને લાયક નથી, તોપણ પાણી લઇ જવાની પંડાળો, પોહોળા પણ હલકા લાકડાના પુલોમાટે ભારોટીયાં, અને બીજાં કામો જ્યાં મજબૂતાઇ કરતાં લંબાઇ વધારે જોઇએછે, ત્યાં (એ) સરસ રીતે લાયકનું છે.

XXV. READING—LESSON.

(વાંચન પાઠ ૨૫મો).

Palms.—2. તાડ—ભાગ ૨જો.

Bamboo, n. (બામ્બુ) વાંસ;બાંબુ.
Hollow, a. (હૉલો) પોકળ.
Strong, a. (સ્ટ્રૉંગ) મજબૂત.
Almost, ad, (ઑલ્મોસ્ટ) ઘણું કરીને. [સાધારણ રીતે.
Generally, ad. (જેનરલિ)
Variclies, n. (વેરાયટિઝ) જાતો.

Size, n. (સાઇઝ) કદ. [ખી રીતે.
Equally, ad. (ઇકવલિ) એકસ-
Fit, a. (ફિટ) લાયક.
Lance, n. (લૅન્સ) ભાલો.
Soldier, n. (સોલ્જર) સિપાઇ.
Pole, n. (પોલ) લાકડી.
Tent, n. (ટેન્ટ) તંબુ.

Mast, n. (માસ્ટ) કાઠી.
Sustains, v. t.(સસ્ટેન્સ) રાખે-
છે; નિભાવેછે. [નિશાન.
Ensign, n. (એન્સાઇન) વાવટો;
Chief, n. (ચીફ) સરદાર. [રણ.
Ordinary, a. (ઑર્ડિનરિ) સાધા
Staff, n. (સ્ટાફ) લાકડી; સોટો.
Peasant,n. (પેઝન્ટ) ખેડુત; કુ-
ણબી. [સાટકો.
Rafter, n. (રૅફ્ટર) પીઢિયું;
Cottage, n. (કૉટેજ) ઝુંપડી.
Scaffolding, n. (સ્કૅફોલ્ડિંગ)
પાલક-પરાંચકામ. [મ્પોઝ્ડ)બનેછે.
Is composed, v. t. (ઇઝ્ કં-
Kept together, (કેપ્ટ ટુગેધર)
સાથે રાખવામાં આવેછે.
Ropes, n.(રોપ્સ)દોરડાં. [બદલે.
Instead of,pre. (ઇન્સ્ટેડ ઑફ)
Nails, n. (નેલ્સ) ખીલા.
Split, p. p. (સ્પ્લિટ) કાપવા-
ચીરવામાં આવેછે.
Flexible, a. (ફ્લેક્સિબ્લ) વળી-
મરડાઇ શકે એવું.

Adapts, v. t. (ઍડૅપ્ટસ) લાયક
કરેછે. [ઓ.
Baskets, n. (બાસ્કેટસ) ટોપલી-
Innumerable, a. (ઇન્યુમરેબલ)
સંખ્યાબંધ; બેસુમાર.
Across, ad. (ઍક્રૉસ) આડું.
Joints, n. (જૉઇન્ટ્સ) સાંધા.
Bottle, n. (બૉટલ)સીસો; સીસી.
Liquors, n. (લિકર્સ) જૂદી જૂદી
જાતના દારૂ. [જાતનું એક ઝાડ.
Brab-tree, n. (બ્રૅબ-ટ્રી) તાડની
Manner, n. (મૅનર) રીત.
Leaves,n. (લીવ્ઝ) પાંદડાં. [પરૂં.
Thatch, n. (થૅચ) ઝાવલીનું છા-
Walls, n. (વૉલ્સ) દિવાલો.
Sap, n. (સૅપ) રસ (ઝાડનો).
Yields, v. t. (યીલ્ડ્ઝ) આપેછે.
Supplies, v. t. (સપ્લાઇઝ)
પૂરૂં પાડેછે. [જટચો.
Proportion, n. (પ્રોપોર્શન)
Spirituous, a. (સ્પિરીચુઅસ)
જલદ; કેફ લાવનારૂં.
Consumed, p. p. (કન્ઝુમ્ડ)

ખપમાં આવ્યું; વપરાયું.
Betel, n. (બિટલ) સોપારી.
Sago, n. (સેગો) સાબુ ચોખા.
Produce, n. (પ્રૉડયુસ) પેદાસ

વાંસ પોકળ, હલકો, અને મજબૂત હોવાથી ઘણું કરીને નાળિએરીની માફક સાધારણ રીતે ઉપયોગી છે. તેના કદની જૂદી જૂદી જાતો, તેને સિપાઇના ભાલાનેમાટે, તેના તંબુની લાકડીનેમાટે અથવા તેના સરદારનો વાવટો જેનાપર રહેછે તે કાઠીનેમાટે એકસરખી રીતે લાયકનું કરેછે; ખેડુતના સાધારણ સોટાને, તથા તેની ઝુપડીનાં પીઢયાંનેમાટે પણ (એકસરખી રીતે લાયકનું કરેછે). હિંદુસ્તાનમાં સઘળું પરાંચકામ વાંસથી કરવામાં આવેછે, જે (વાંસ) ને ખીલાનેબદલે દોરડાથી (બાંધી) સાથે રાખવામાં આવેછે. જયારે ચીરવામાં આવેછે ત્યારે તેની લાંબી અને વળી શકે એવી ચીપો, ટોપલીઓને, સાદડીઓને, અને બીજાં સંખ્યાબંધ કામોનેમાટે તે લાયક થાયછે; અને જયારે સાંધા આગળથી આડો કાપવામાં આવેછે, ત્યારે તેની બાટલી થાયછે; જે તેલ, દૂધ, અને જૂદી જૂદી જાતના દારૂમાટે વારેઘડીએ કામમાં આવેછે. તાડનું લાકડું નાળિએરીના લાકડાની માફક ઉપયોગમાં આવેછે; તેનાં પાંદડાં છાપરાં અને ઝુંપડીઓની દિવાલોનેમાટે પણ કામમાં આવેછે; અને જયારે કાપેછે ત્યારે તેમાંથી જે રસ નિકળેછે તે, હિંદુસ્તાનમાં ખપતા જલદ દારૂનો એક મ્હોટો જથ્થો પૂરો પાડેછે. સોપારી અને સાબુ ચોખા (એ) બીજી જાતના તાડની પેદાશ છે.

XXVI. READING—LESSON.

(·વાંચન પાઠ ૨૬મો).

Try Again. ફરીથી યત્ન કરો.

Try, v. i. (ટ્રાઇ) યત્ન કરવો.
Kite, n. (કાઇટ) પતંગ.
Lift, n. (લિફ્ટ્) ઉંચકી આપવું તે.
Nephew, n. (નેવ્યુ) ભત્રિજો.
In vain, ad. (ઇન વેન) ફોકટ; વ્યર્થ.
Dragging, pr. p. (ડ્રૅગિંગ્) [ઘસડીને; ખેંચીને.
Ground, n. (ગ્રાઉન્ડ) જમીન.
Lucy, n. (લુસિ) છોકરીનું નામ છે.
Kindly, ad. (કાઇન્ડલિ) ખુશીથી.
Neglecting, pr. p. (નિગ્લેક-ટિંગ) ભૂલી જતાં; ગફ્લત કરતાં.
Moment, n. (મોમેન્ટ) પળ; વખત.
Awkward, a. (ઑકઉવર્ડ) અ- [ણઘડ; અનાડી.
Fellow, n. (ફેલો) છોકરો.
Fault, n. (ફૉલ્ટ) વાંક.
Entirely, ad. (એન્ટાયર્લિ) વહન; તમામ; સઘળો.

Answered, v. t. (ઍન્સર્ડ) જવાબ દીધો; બોલી; કહ્યું.
Children, n. (ચિલડ્રન) બચ્ચાં.
Too great, a. (ટૂ ગ્રેટ્) ઘણું-જ; અતિશય.
Hurry, n. (હરિ) ઉતાવળ; ઝડપ.
Suddenly, ad. (સડન્લિ) એકાએક; અચાનક.
Twitched, v. t. (ટિવચ્ડ) ખેં- [ચી લીધું.
Fell flat, (ફેલ ફ્લૅટ) બેઠું પડ્યું.
Blame, v. i. (બ્લેમ) ઠપકો દેવો.
Care, n. (કેર) સંભાળ.
Side-wind, n. (સાઇડ-ઉવિન્ડ) બાજુનો પવન.
(Was) blown, v. t. (બ્લોન) પવનથી ઘસડાયું.
Shrubs, n. (શ્રબ્ઝ્) ઝાડીઓ.
Got entangled, (ગૉટ એન્-ટૅંગલ્ડ) ગુંચવાઇ ગયું.

Leaving, pr. p. (લીવિંગ) રા-
ખીને; રેહેવા દેઇને.
Hanging,a. (હૅંગિંગ) લટકતું.
Downwards,ad. (ડાઉન્‌વર્ડ્ઝ)
નીચે; જમીનતરફ.
Exclaimed, v. i. (એક્સ્ક્લે-
મ્ડ) બોલી ઉઠયો. [ફવાથી.
Throwing, n. (થ્રોઇંગ) ફેં-
Meantime, n. (મીન્‌ટાઇમ)
તરતજ; એટલામાં. [મદદ.
Assistance, n. (ઍસિસ્ટન્સ)
Disengaged, p. p. (ડિસ્એ-
ન્ગેજડ) છૂટી પાડી.
Rolled up, v. t. (રોલ્ડ અપ)
વિંટાળી દીધી.
Open, a. (ઓપન) ખુલ્લી.
Space, n. (સ્પેસ) જગ્યા. [રત.
Presently, ad. (પ્રેઝન્ટ્લિ) ત-
Nice, a. (નાઇસ) સારી.
Grass, a. (ગ્રાસ) ઘાસથી ભરેલો.
Plot, n. (પ્લૉટ) જમીનનો કકડો.
Stand, n. (સ્ટૅન્ડ) ઉભું રેહેવા-
ની જગ્યા.

Took my stand, ઉભી રહી.
Prepared, p. p. (પ્રિપેર્ડ) તૈયાર
કરીને.
Tossed up, v. t. (ટૉસ્ડ અપ)
ઉંચે નાખ્યું; ઉંચે ફેંક્યું.
Just as, ad. (જસ્ટ ઍઝ) જેવો.
Rose, v. i. (રોઝ) ઉડયું; ચઢ-
યું; n. ગુલાબ.
Dignity, n. (ડિગ્નિટિ) ભપકો;
દબદબો.
Balloon, n. (બલૂન) વિમાન.
Promised, v. t. (પ્રોમિસ્ડ)
ડોળ જણાવ્યું.
Lofty, a. (લૉફ્ટિ) ઉંચે.
Flight, n. (ફ્લાઇટ્) ઉડવું તે.
John, n. (જૉન)પુરૂષનું નામ છે.
Delighted, p. p. (ડિલાઇટેડ)
ખુશી થવાથી. [ચતાં.
Pulling, pr. p. (પુલિંગ) ખેં-
String, n. (સ્ટ્રિંગ) દોરી.
Stopped short, (સ્ટૉપ્ડ શૉર્ટ)
એકદમ ઉભો રહ્યો. [ઉંચે; ઉપર.
Upwards, ad. (અપ્‌વર્ડ્ઝ)

Admire, v. i. (ઍડમાયર) અજબ થવું. [ઢીલી પડી.
Slackened, v. i. (સ્લૅકન્ડ)
Tottered, v. i. (ટૉટર્ડ) ગોઠ ખાધી. [ફકસર; સારો.
Favourable, a. (ફેવરેબ્લ) મા-
Won't (વોન્ટ્). Would not એ શબ્દોને ટુંકા લખવાની રીત: કરવું—હોવું—થવું નહીં. I won't try, હું યત્ન નહીં કરવાનો. [કંઇ વધારે.
Any more, ad. (ઍનિમોર)
Replied, v. i. (રિપ્લાઇડ્) જવાબ દીધો.[રડાઇને; ગુસ્સે થઇને.
Sullenly, ad (સલનલિ) ચી-
(To be) plagued, v. t. (પ્લેગ્ડ્) માથું દુ:ખવાને. n. મરકી.
Any longer, ad. (ઍનિ લૉંગર) વધારે વાર.
Fie, interj. (ફાઇ) છટ; છિટ.
Give up, v. t. છોડી-મૂકી દેવું.
Sport, n. (સ્પોર્ટ) રમત; ગમત.
Pains, n. (પેન્ઝ્) મેહેનત; શ્રમ.

Disappointments, n. (ડિસ્અપૉઇન્ટમેન્ટસ્) નાઉમેદી.
Discourage, v. t. (ડિસ્કરેજ) નાહિમ્મત કરવું.
Wind up, v. t. (વાઇન્ડ્અપ) વિંટાળો. [ફત્તેહ પામ્યો.
Succeeded, v. i. (સકસીડેડ્)
Breeze, n. (બ્રીઝ) પવનની લેહેરકી.
Lightly, ad. (લાઇટ્લિ) હલકી રીતે.
Feather, n. (ફેધર) પીછું.
Was all out, સઘળી પૂરી થઇ.
Delight, n. (ડિલાઇટ) ખુશી.
Holding, pr. p. (હોલ્ડિંગ) પકડીને. [રથી.
Fast, ad. (ફાસ્ટ) મજબુત; જોર-
Stick, n. (સ્ટિક) લાકડી.
Gazing, pr. p. (ગેઝિંગ) તાકીને જોતો.
Speck, n. (સ્પેક) ડાઘ; ધાબું.
Team, n. (ટીમ) ઘોડાની જોડ.
Hardly, ad, (હાર્ડલિ) મુશ્કેલીથી.
Mile, n. (માઇલ) અડધો ગાઉ.

A mile of string, અડધા ગાઉ જેટલી લાંબી દોરી.[ભોગવાને.
Enjoying, pr.p. (એન્જૉઇંગ)
Sight, n. (સાઇટ્) દેખાવ.
Proceeded, v. i. (પ્રોસીડેડ) માંડયું (કામ).
Slowly, ad. (સ્લોલિ) ધીમે ધીમે.
Glee, n. (ગ્લી) હર્ષ; ખુશી; આનંદ. [નુકશાન થયું.
Was hurt, v. t. (ઉવૉઝ હર્ટ)
(Had) behaved, v. i. (બિહેવ્ડ) ચાલ્યું. [વતી કાલ.
To-morrow, n. (ટુમૉરો) આ-
Objection, n. (ઑબ્જેકશન) હરકત.
Weather, n. (ઉવેધર) હવા.

Morning, n. (મૉરનિંગ) સહવાર.
Properly, ad. (પ્રૉપર્લિ) ખરેખર રીતે. [નવો.
Thank v. t. (થૅંક) ઉપકાર મા-
Long ago, (લૉંગ ઍગો) ઘણા વખતનું; કયારનું.
(Had) persuaded, v.t. (પર્સુએડેડ) સમજાવ્યું.
Teach, v. t. (ટીચ) શિખવવું.
Value, n. (વૅલ્યુ) કિમ્મત.
Perseverance, n. (પર્સીવીયરન્સ) ખંત રાખી પાછળ મંડવું તે.
Depends, v. i. (ડિપેન્ડ્ઝ) આધાર રાખેછે.
Fail, v. i. (ફેલ) નિષ્ફળ થવું.
Attempts, n. (ઍટમપ્ટ્સ) યત્નો
Motto, n. (મૉટો) કેહેવત.

મ્હારા ન્હાના ભત્રીજાએ પતંગને જમીન ઉપર ઘસડીને ઉરાડવાનો ફોકટ યત્ન કીધાપછી પોતાની બેહેનને કહ્યું, "તમે મ્હારો પતંગ ઉંચકી ઉરાડી આપશો?" લુસિએ ઘણી ખુશી સાથે તે ઊંચકયો, અને તેને હવામાં ફેંકયો, પણ તેનો ભાઇ તેજ વખતે દોડવાને ભૂલી ગયો, તેથી પતંગ પાછો નીચે પડયો.

તે ન્હાના છોકરાએ કહ્યું, "અરે તમે કેવા અનાડી છો!" તેની બેહેને જવાબ દીધો, "એ સઘળો વાંક તમારો હતો."

મેં કહ્યું, "છોકરાં, ફરીથી યત્ન કરો," અને લુસિએ એકવાર પાછો પતંગ ઊંચક્યો, પણ આ વેળા જૉન ઘણોજ ઉતાવળો થયો; તે એટલો તો એકાએક દોડી ગયો, કે તેનાથી તેના હાથમાંનો પતંગ ખેંચી લેવાયો, જેથી તે આગળની પેઠે નીચે બેઠો પડ્યો.

લુસિએ પૂછ્યું, "કેમ હવે કોને ઠપકો દેવો?" મેં કહ્યું, "ફરીથી યત્ન કરો."

તેઓએ (યત્ન) કીધો, અને તે વધારે સંભાળથી (કીધો;) પણ જેવો લુસિએ પતંગ છોડ્યો તેવામાં એકાએક બાજુનો પવન આવ્યાથી તે કેટલીએક આડી તરફ ઘસડાઇ ગયો, જેથી તરતજ પૂછડું ગુંચવાઇ ગયું, અને તે બિચારો પતંગ ઉંધે માથે લટકતો રહ્યો.

જૉન બોલી ઉઠ્યો, "જુઓ, જુઓ! એ સઘળું તમે તેને એકજ બાજુએ ફેંક્યાથી બન્યું." લુસિએ કહ્યું, "જાણે હું પવનને સીધો ફુંકાવવાને શક્તિવાન હોઉં!"

એટલામાં હું તે પતંગની મદદે ગઇ, અને તેનું લાંબું પૂછડું છૂટું કરીને મેં તે વિંટાળી લીધું અને કહ્યું, "ચાલો છોકરાં અહિંઆં પુષ્કળ આડો છે; આપણે એક વધારે ખુલ્લી જગ્યા શોધીએ, અને ફરીથી યત્ન કરીએ."

અમને તરતજ એક સારી ઘાસ વાળી જગ્યા મળી, જેની એક બાજુએ હું ઉભી; અને બધી ચીજ તૈયાર થયા પછી જેવો ન્હાનો જૉન દોડ્યો કે તરતજ પતંગને મેં ઊંચે ઉરાડ્યો. તે વિમાનના સઘળા દબદબાથી ઊપર ચઢયો, અને ઊંચે ઉડશે એવું ડોળ જણાવ્યું; પછી જૉન, (તે પતંગની) દોરી એવી જોરથી ખેંચાતી જોઇને ખુશી થવાથી ઊંચે જોઇને અને અજબ થવાને એકદમ ઉભો રહ્યો:—(એટલામાં) દોરી

ઢીલી પડી, પતંગે ગોઠ ખાધી, અને પવન સારો ન હોવાથી તે પતંગ ઘાસપર નીચે આવી પડ્યો.

મેં કહ્યું, "અરે જૉન, તમને ઉભું રેહેવું નહીં જોઇતું હતું. તો પણ, ફરીથી યત્ન કરો."

તે જરા ચિરડાઇને બોલ્યો, "હું વધારે વાર યત્ન કરવાનો નથી. તમે જુઓછો કે તે કાંઇ કામનું નથી. પતંગ ઉડવાનો નથી, અને હું તેની સાથે (હવે) વધારેવાર માથું ફોડવાનો નથી."

"અરે છટ, મ્હારા ન્હાના માણસ! શું આપણે પતંગ બનાવવાને અને તે ચકાવવાને આટલી બધી મેહેનત કીધા પછી તે રમત તમે છોડી દેશો? આપણે થોડીએક નાઉમેદીથી નાહિમ્મત થવું નહીં જોઇએ. ચાલો, તમારી દોરી વિટાળો, અને હવે ફરીથી યત્ન કરો."

તેણે યત્ન કીધો, અને તેમાં તે ફત્તેહ પામ્યો, કારણકે તે પતંગ એક પીછાનીમાફક હલકી રીતે પવનની લેહેરકીમાં ઉંચે ગયો; અને જ્યારે સઘળી દોરી પૂરી થઇ, ત્યારે જૉન તે દોરાની ચીપ જોરથી પકડીને તે પતંગ જે આસમાની આકાશમાં એક ન્હાનાં સફેદ ધાબાં જેવો દેખાતો હતો, તે જોતો ઘણો ખુશીમાં ઉભો રહ્યો. "જુવો, જુવો, કાકા, તે કેવો ઉંચે ઉડેછે! અને તે ઘોડાની જોડીનીમાફક ખેંચેછે, જેથી હું તે મુશ્કેલીથી પકડી શકુંછું. હું ઇચ્છુંછું કે મ્હારીપાસે એક માઇલ જેટલી લાંબી દોરી હોત તો સારૂં થાત. મને ખાત્રી છે કે તેનો (પણ) છેડો આવત."

પોતાની ખુશીમાં આવ્યું ત્યાંસુધી તે દેખાવ ભોગવ્યાપછી, ન્હાના જૉને ધીમે ધીમે દોરી લપેટવા માંડી; અને જ્યારે પતંગ નીચે પડ્યો, ત્યારે તેણે તે ઘણા આનંદથી ઉપાડી લીધો, અને બોલ્યો કે તેને કાંઇ

પણ નુકશાન પોહોંચ્યું ન હતું, અને તે ઘણી સારી રીતે ચડયો. "કાકી, કાલે પાઠ પૂરો થયા પછી બહાર આવીને ફરીને યત્ન કરીશું ?"

મ્હારા પ્યારા, જો હવા સારી હશે તો મને કાંઇ હરકત નથી. અને હવે, આપણે ઘેર જઇએછીએ તે વખતે મને કહો કે તમે તમારી સહવારની રમતથી શું શિખ્યા ?"

"હું મ્હારો પતંગ બરોબર ચડાવતા શિખ્યો." લુસિ બોલી, "ભાઇ, એમાટે તમારે કાકીનો ઉપકાર માનવો, કારણ કે જો તેણે તમને ફરીથી યત્ન કરવાને સમજાવ્યા ન હોત, તો તમે તે કયારનું છોડી દીધું હોત."

"હા મ્હારાં પ્યારાં બચ્ચાં, એક પતંગ ચડાવવાના કરતાં જયારે બીજું કાંઇપણ વધારે તેનીઉપર આધાર રાખતું નથી, તોપણ ખંત રાખી પાછળ લાગવાની કિમ્મત હું તમને શિખવવાને ચાહુંછું. જયારે જયારે કાંઇ સારી ચીજ કરવાના યત્નમાં તમે નિષ્ફળ થાઓ, ત્યારે "ફરીથી યત્ન કરો," એ તમારી કેહેવત કરી ગણજો.

XXVII. READING—LESSON.

(વાંચન પાઠ ૨૭મો).

The Child's First Grief.

બચ્ચાનું પેહેલું દુઃખ.

Grief, n. (ગ્રીફ) દુઃખ; દલગીરી.
Call, v. t. (કૉલ) બોલાવો.
Play, v. i. (પ્લે) રમવું.
Alone, ad. (ઍલોન) એકલો.
Summer, n. (સમર) ઉન્હાળો.
Flower, n. (ફ્લૅાર) એમ અહીં ઉચ્ચાર થાયછેઃ ફુલ.
Bee, n. (બી) મધમાખ.
Run wild, (રન વાઇલ્ડ) પુષ્કળ-બેહદ ઉગેછે.

Sowed, v.t. (સોડ) રોપ્યાં; વાવ્યાં.
Garden, a. (ગાર્ડન) બાગના.
Tree, n. (ટ્રી) ઝાડ.
Vine, n. (વાઇન્) દ્રાક્ષનો વેલો.
Is drooping, v. i. (ઇઝ્ ડ્રૂપિંગ) ઝુમાઇ પડેછે.
Load, n. (લોડ) બોજો.
Voice, n. (વૉઇસ) અવાજ.
Fair, a. (ફેર) ખુબસુરત: n. જાત્રા; મેળો.
Smiled, v. t. (સ્માઇલ્ડ) હસ્યું.
Thou'lt, (ધાઉલ્ટ). Thou wilt, એ શબ્દોને ટુંકામા લખેલા છે.
Rose's, n. (રોઝિઝ) ગુલાબની.
Brief, a. (બ્રીફ) ટુંકી.
Unto, pre. (અન્ટુ) માં.
Heaven, n. (હેવન) સ્વર્ગ.
Birds, n. (બર્ડ્ઝ) પક્ષિઓ.
Hours, n. (અવર્સ) કલાકો.
Brook, (બ્રુક) નાળાં; ઝરા.
Glade, n. (ગ્લેડ) જંગલો; મેદાનો.
Wanderings, n. (વૉન્ડરિંગ્ઝ) ભટકવાનું-રખડવાનું તે.
Are o'er, (આર ઓઅર) થઇ રહ્યું.
Loved, v. t. (લવ્ડ) ચાહ્યો.

"અરે! મ્હારા ભાઇને મ્હારી પાસે પાછો બોલાવો! હું એકલો રમી શકતો નથી; ફૂલો અને મધમાખો સહિત ઉન્હાળો આવેછે, મ્હારો ભાઇ કયાં ગયો છે?

"ફૂલો અમે અમારી વાડીનાં ઝાડોની આસપાસ રોપ્યાં હતાં, તે પુષ્કળ ઉગ્યાં છે; અમારો દ્રાક્ષનો વેલો તેના ભારથી ઝુમાઇ પડેછે—અરે! તેને મ્હારીપાસે પાછો બોલાવો."

"ખુબસુરત બાળક, તે ત્હારો અવાજ સાંભળનાર નહીં! તે ત્હારી આગળ આવનાર નહીં; ચેહેરો જે એક વખત ઉન્હાળાનીમાફક હસતો હતો, તે (હવે) તું પૃથ્વિઉપર કદી જોશે નહીં.

"ગુલાબનાં ફૂલ જેવી એક ટુંકી ખુશકારક જીંદગી તેને આપ્યામાં આવી હતી! તેટલામાટે મ્હારા છોકરા, તારે એકલું રમવું જોઇએ; ત્હારો ભાઇ સ્વર્ગમાં છે."

"અને શું (ત્યારે) તે પોતાના પક્ષિઓ અને ફૂલો મૂકી ગયો કે? અને શું હું તેને ફોકટજ હાંક માર્યા કરૂં? અને શું તે ઉન્હાળાના લાંબા કલાકોમાં પાછો નહીં આવશે?

"અને ઝરાનીપાસે અને મેદાનોમાં અમારૂં ફરવાનું શું સઘળું થઇ રહ્યું? અરે! જ્યારે મ્હારો ભાઇ મ્હારીસાથે રમતો હતો, ત્યારે મેં તેને વધારે ચાહ્યો હોત તો સારૂં થાત.

સમજણ.

The summer, &c.—ફૂલોનું ખિલવું તથા મધમાખીઓનું ગણગણવું બન્ને ઉન્હાળો નજદિક આવવાની નિશાનીઓ છે. *The flowers*—ફૂલોની ન્હાની વાડીઓ ખેડવી એ અંગ્રેજોનાં છોકરાંની એક રમત છે. *Its load*—દ્રાક્ષનો. *He would not, &c.*—એટલે કે જો, તેને બોલાવે તો. *Thou'lt—Thou wilt*—સાદી ઇબારતમાં આપણે *you will* બોલીએછીએ. *The face &c.*—આ પૃથ્વિઉપર મ્હારા ભાઇનો હસતો ચહેરો તમે ફરીથી કદી જોશો નહીં. *A rose's &c.*—ગુલાબના જેવી એક ટુંકી ખુશકારક જીંદગી તેને મળી હતી. *His birds*—અંગ્રેજોમાં છોકરાં વારેઘડીએ (કૂતરાં, સસલાં વગેરે) જેવાં પ્રાણીઓ, અને (કબુતર, મેના) જેવાં પક્ષીઓ પાળીને પોતે ગમત કરેછે. *And by the brook, &c.*—હવે આપણે નદી કિનારે અને મેદાનોમાં એક બીજાં સાથે શું કદી પાછાં ફરીશું નહીં? *Would I had loved him more?*—જ્યારે તે જીવતો હતો ત્યારે મેં તેને ચાહ્યો તે કરતાં વધારે ચાહ્યો હોત તો ઘણું સારૂં થાત.

XXVIII. READING LESSON.

(વાંચન પાઠ ૨૮મો).

Sagacity and Fidelity of an Arabian Horse.

એક આરબ્બી ઘોડાની ચાલાકી અને નિમકહલાલી.

Sagacity, n. (સૅગૅસિટિ) હોંશી-
આરી; ચાલાકી. [મકહલાલી.
Fidelity, n. (ફાઇડેલિટિ) નિ-
Arabian, a. (ઍરેબ્યન) આ-
રબ્બી. [સનું નામ છે.
Abuel, n. (ઍબૂઅલ) માણ-
Chief, n. (ચીફ) સરદાર.
Tribe, n. (ટ્રાઇબ) જાત.
Attacked, v. t. (ઍટૅક્ડ) હુ-
મલો કીધો. [ખેરી નાખ્યું.
Dispersed v. t. (ડિસ્પર્સ્ડ) વિ
Caravan, n. (કૅરેવન) વણજાર.
Belonging to, prc. (બિલૉં-
ગિંગ ટુ) લગતી.
Damascus, n. (ડૅમૅસ્કસ) તુર્ક-
સ્તાનનું એક પુરાતન મ્હોટું શેહેર.
(Were) engaged, v. t. (એ-
ન્ગેજ્ડ) રોકાઇ હતી; કામે લાગી હતી.

Securing, pr. p. (સિક્યૂરિંગ)
બચાવતાં; મેળવતાં.
Booty, n. (બૂટિ) લૂટ.
Turkish, a. (ટર્કિશ) તુર્કિ.
Troops, n. (ટ્રુપ્સ) ફોજ; લશ્કર.
Slew, v. i. (સ્લ્યુ) કાપી નાખ્યા;
ઠાર કીધા.
Rest, n. (રેસ્ટ) બાકીના.
Prisoners, n. (પ્રિઝ્નર્સ) કેદીઓ.
Disabled, v. t. (ડિસ્એબલ્ડ)
અશકત થયો.
Shot, n. (શૉટ્) ગોળી.
Arm, n. (આર્મ) હાથ.
(Was) bound, v. t. (બાઉન્ડ)
બાંધવામાં આવ્યો હતો.
Camel, n. (કૅમલ્) ઉંટ.
Favourite, a. (ફેવરિટ્) વા-
હાલો; પ્યારો.

Was led, v. t. (ઉવૉઝ લેડ) લઇ ચાલવામાં આવતો હતો.

Beside, pre. (બિસાઇડ) પાસે; નજદીક.

During, pre. (ડ્યુરિંગ) વખતે.

March, n. (માર્ચ) કૂચ.

Acre, n. (એકર) પૅલેસ્ટાઇનનું એક બંદર, જે હાલ તુર્ક લોકોના હાથમાં છે.

Came on, v. i. પડી; થઇ.

Turks, n. (ટર્કસ) તુરકિ લોકો.

Pitched, v. t. (પિચ્ડ) માર્યા.

Tents, n. (ટેન્ટ્સ) તંબુઓ.

Leathern, a. (લેધર્ન) ચામડાનો.

Strap, n. (સ્ટ્રૅપ) પટો. [બાહાર.

Outside, ad. (આઉટસાઇડ્)

Sleepless, a. (સ્લીપલેસ) ઉંઘ-નીંદ વગરનું.

Neighing, pr. p. (નેઇંગ) ખંખારતો. [ન્ડ) નિશ્ચય કીધો.

Determined, v. t. (ડિટર્મિ-

Release, v.t. (રિલીઝ) છોડવવું.

Ancient, a. (એન્શંટ) જૂનો.

Companion, n. (કમ્પૅન્યન) સોબતી; સાથી. [બંધી.

Captivity, n. (કૅપ્ટીવિટિ) કેદ;

Crept, v. i. (ક્રેપ્ટ) ફસડયાં મારી ચાલ્યો. [દાયક રીતે.

Painfully, ad. (પેન્ફુલિ) દુઃખ-

Was tethered, v. t. (ઉવૉઝ ટેધર્ડ) બાંધવામાં આવ્યો હતો.

Gnawing, pr. p. (નૉઇંગ) કરડીને.

Goats, n. (ગોટસ) બકરાના.

Held, v. t. (હેલ્ડ) પકડયું.

Slave, n. (સ્લેવ) ગુલામ.

Return, v. i. (રિટર્ન) પાછું જવું.

Knowest, v. t. (નોઍસ્ટ) જાણુછે. એ શબ્દ ઘણું કરીને કવિતા રૂપે વપરાયછે.

Jordan, n. (જૉર્ડન) નદીનું નામ છે. એ નદી પૅલેસ્ટાઇનમાં આવેલી છે, અને તે લૅબૅનન પર્વતમાંથી નિકળીને ડેડ-સીમાં પડેછે.

(Shalt be) refreshed, v. t. (રિફ્રૅશ્ડ) તાજો થશે.

Coldness, n. (કોલ્ડનેસ) ઠંડક.
Grains, n. (ગ્રેન્સ્) દાણા.
Barley, n. (બાર્લિ) જવ.
Curtains, n. (કર્ટન્સ્) પડદા.
Lick, v. t. (લિક) ચાટવું.
Little ones, ન્હાનાં છોકરાં.
Free, a. (ફ્રી) છૂટો.
Fled, v. i. (ફ્લેડ્) ન્હાસી ગયો.
Instinct, n. (ઇનસ્ટિંકટ) પ્રેરણાબુદ્ધિ.
Smelt, v. t. (સ્મેલ્ટ) સુંઘ્યો.
Seized, v. t. (સીઝ્ડ્) પકડયો.
Teeth, n. (ટીથ) દાંત.
Belt, n. (બેલ્ટ્) પટો.
Waist, n. (ઉવેસ્ટ) કમ્મર.
Camp, n. (કૅમ્પ)છાવણી.[જતાં.
Bearing, pr. p. (બેરિંગ) લઇ
Till, ad, (ટિલ) જ્યાં સુધી.
Bore, v. t. (બોર) લઇ ગયો.
Gallop, n. (ગૅલપ) દોડ.
Laid, v. t. (લેડ્) મુકયો.
Wounded, a. (ઉવુન્ડેડ) ઘાયલ થયલો. [મરણ પામ્યો.
Expired, v. t. (ઍકસ્પાયર્ડ)
Is honoured, v. t. (ઇઝ્ ઑનર્ડ) માન આપવામાં આવેછે.
Jericho, n. (જેરિકો) જુડીઆનું એક પુરાતન શેહેર, જે જેરૂસલમથી ૧૮ માઇલ દૂરછે. હાલમાં એ પડી ભાંગ્યું છે.

જે આરબ લોકોની જાતે ડૅમૅસ્કસની વણજારઉપર હુમલો કીધો હતો, અને તેને વિખેરી નાખી હતી, તે જાતનો ઍબૂઅલ એક સરદાર હતો. પણ જ્યારે તે (જાત) લૂટ મેળવવામાં રોકાઇ હતી, ત્યારે તુર્કિ લશ્કર તેમનાઉપર તુટી પડી ઘણાઓને કાપી નાખ્યા, અને બાકીનાઓને બંધીવાન કીધા. ઍબૂઅલના હાથમાં એક ગોળી લાગ્યાથી તે અશકત થઇ ગયો હતો, અને તેને એક ઉંટઉપર બાંધ્યો હતો, અને તેના પ્યારા ઘોડાને તેની નજદીક ચલાવવામાં આવતો હતો.

કેદીઓનીસાથે એકરસુધી કુચ કરતાં રાત પડી; અને તુર્કિ લોકો

પોતાના તંબુઓ ઠોકી સુવા ગયા. એબૂઅલના પગ એક ચામડાના પટાથી બાંધેલા હતા, અને તેને તેઓની ઘણો નજદીક તોપણ તંબુઓની બાહાર રાખ્યો હતો. દુઃખનેલીધે ઉંઘ ન આવવાથી તેને પોતાના ઘોડાને ખંખારતાં સાંભળ્યો, અને જો બની શકે તો પોતાના જૂના સાથીને કેદમાંથી છોડવવાને તેણે નિશ્ચય કીધો. જ્યાં ઘોડાને બાંધ્યો હતો ત્યાં તે દુઃખદાયક રીતે ગયો, અને બકરાના વાળના જે દોરડાથી તેને બાંધ્યો હતો તે કરડીને, તે બોલ્યો, "જા જોકે હું એક ગુલામ છું, તોપણ તું જે તંબુ જાણેછે, ત્યાં પાછો જા. તું જૉર્ડન નદીના પાણી ફરીથી કાપશે (પસાર કરી જશે), અને તેમની ઠંડકથી તાજો થજે. છોકરાં પોતાનાં હાથમાં જે જવના દાણા ત્હારેવાસ્તે લાવેછે તે તું ફરીથી ખાજે. જા અને મ્હારી બાયડીને કેહેજે, કે હું તને વધારે જોનાર નથી; અને (તું) ત્હારૂં માથું પડદામાં મેલી, મ્હારાં ન્હાનાં છોકરાંના હાથ ચાટજે."

તે ઘોડો છૂટો થયો પણ એકલો ન્હાસી ગયો નહીં. તેની જાતની પ્રેરણા બુદ્ધિથી તેણે પોતાના ધણીને સુંઘ્યો, પોતાનું માથું નીચે મૂક્યું, અને તેની કમ્મરનીઆસપાસ જે ચામડાનો પટો હતો તેવડે તેને પોતાના દાંતથી પકડ્યો. આપ્રમાણે તેને પોતાના દાંતમાં લઇને તેણે છાવણી છોડી; અને તેને તેના તંબુના દરવાજાઆગળ લાવ્યો ત્યાંસુધી તે ઉભો રહ્યો નહીં. તે તેની છેલ્લી દોડ હતી; તેણે પોતાના ઘાયલ થયલા ધણીને નીચે મૂક્યો, અને મરણ પામ્યો. તે જાત તેનેમાટે રડી, અને જેરિકોના સઘળા આરબો તેના નામને આજ દીન સુધી માન આપેછે.

XXIX. READING—LESSON.

(વાંચન પાઠ ૨૯મો.) **(મ્હોડે કરવાનો.)**

We are Seven. **(અમે સાત છેએ.)**

Met, v. t. (મેટ) મળ્યો.
Cottage a. (કૉટેજ) ઝુપડાંમાં રે- [હેનારી.
Curl, n. (કર્લ) ગુચ્છા.
Clustered, v. t. (કલસ્ટર્ડ) ગું- ચવાયલા હતા.
Maid, n. (મેડ) છોકરી.
Wondering, ad. (ઉવન્ડરિંગ્) અજાએબીથી. [એક શેહેર છે.
Conway, n. (કૉનઉવે) ઉવેલ્સમાં
Dwell, v. i. (ડવેલ) રહેછે.
Gone to sea, ખલાસીઓ થયા છે.
Churchyard, n. (ચર્ચયાર્ડ) દેવલની અંદરની મુડદાં દાટવા- ની જગ્યા. [આપવો.
Reply, v. i. (રિપ્લાઇ) જવાબ
Beneath, pre. (બિનીથ) હેઠળ; નીચે. [ઉટ) ચિત્ત ઠેકાણે નથી.
Run about, v. i. (રન અૅબા-
Limbs, n. (લિમ્ઝ) અવયવો.

Alive, (અૅલાઇવ) ચંચળ.
Graves, n. (ગ્રેવ્ઝ) કબરો.
Green, a. (ગ્રીન્)લીલું (ઘાસથી).
Steps, n. (સ્ટેપ્સ) પગલાં.
Stockings, n.(સ્ટૉકિંગ્ઝ)મોજાં.
Knit, v. t. (નિટ્) ગુંથવું.
Kerchief, n. (કરચિફ) રૂમાલ.
Hem, v. t. (હેમ) ગોટવું.
Sing, v. t. (સિંગ) ગાવું.
Sunset, n. (સન્સેટ) સૂર્યાસ્ત.
Sir, n. (સર) સાહેબ.
Porringer, n. (પૉરિંજર) પ્યા- લો; કટોરો.
Supper, n. (સપર) રાતનું ખાનું.
Died, v. i. (ડાઇડ્) મરી ગઇ.
Jane, n. (જેન્) સ્ત્રીનું નામ છે.
Moaning, ad. (મોનિંગ્) વિ- લાપ કરતી.
Lay, v. i. (લે) પડી હતી.

Relieved, v. t. (રિલીવ્ડ) છુટકો કીધો. [મરી ગઈ.

Went away, (ઉવેન્ટ અઉવે)

Dry, a. (ડ્રાઈ) વરસાદ વગરનો.

Slide, v. i. (સ્લાઇડ) સરવું.

Forced, v. t. (ફૉર્સ્ડ) ફરજ પડી.

To go, મરવાની.

Heaven, n. (હેવન) સ્વર્ગ.

Maiden, n. (મેડન) છોકરી.

Spirits, n. (સ્પિરિટ્સ) આત્મા; જીવ. [લવું ફોકટ (હતું).

Throwing words away, બો-

Would have her will, હઠ પકડી રહી.

Nay, ad. (ને) નહીં; ના.

હું એક ઝુંપડામાં રેહેનારી ન્હાની છોકરીને મળ્યો; તેણે મને કહ્યું કે તે આઠ વર્ષની છે; તેણીના માથાનીઆસપાસ વાળના ઘણાએક ગુચ્છા જે એકઠા થયા હતા, તેથી તે જાડા દેખાતા હતા.

"ન્હાની છોકરી, બેહેનો અને ભાઈઓ મળીને તમે કેટલાં છો?" તેણે કહ્યું, "કેટલાં? સઘળાં મળીને સાત," અને મ્હારી તરફ અચરત થઈને જોવા લાગી.

"મેહેરબાની કરી મને કહો કે તેઓ કયાં છે ? તેણે ઉત્તર વાળ્યો, "અમે સાત છૈએ; અને અમારાંમાંના બે જણ કૉન્ઉવેમાં રેહેછે, અને બે ખલાસીઓ થયા છે.

"અમારાંમાંનાં બે ઘોરમાં સુતાં છે; મ્હારી બેહેન અને મ્હારો ભાઈ; અને તેઓની નજદીક હું મ્હારી માસાથે ઘોર આગળના ઝુંપડામાં રહુંછું."

"તમે કહોછો કે બે જણાઓ કૉન્ઉવેમાં રેહેછે, અને બે ખલાસીઓ થયા છે, તોપણ તમે સાત છો; પ્યારી છોકરી મેહેરબાની કરીને કહો કે એ કેમ થાય".

ત્યારે તે ન્હાની છોકરીએ જવાબ દીધો, "છોકરાઓ અને છોકરીઓ મળી અમે સાત છૈએ; અમારાંમાંનાં બે જણાઓ ઘોર (આગળ) ના ઝાડ હેઠલ ઘોરમાં સુતાં છે."

"મ્હારી ન્હાની છોકરી, તમારૂં ચિત્ત બરોબર નથી, તમારા અવયવો ચાલાક છે; અગરજો બે જણાઓ ઘોરમાં સુતાં હોય, ત્યારે તો તમે માત્ર પાંચજ છો."

તે ન્હાની છોકરીએ જવાબ આપ્યો, "તેઓની ઘોર લીલી છે, તેઓ નજરે પડી શકેછે, મ્હારી માના દરવાજા આગળથી બાર અથવા કાંઇ વધારે પગલાંને અંતરે તેઓ પાસે પાસે છે.

"હું વારેઘડીએ મ્હારાં મોજાં ત્યાં ગુંથુંછું, મ્હારો રૂમાલ ત્યાં ઓટુંછું; અને ત્યાં હું જમીનપર બેસુંછું,—અને બેસીને તેઓની સ્તુતી ગાઉંછું.

"અને સાહેબ, વારેઘડીએ સૂર્યાસ્ત પછી, જયારે અજવાળું અને હવા ખુશનુમાં હોયછે, ત્યારે હું મ્હારો ન્હાનો કટોરો લઇ જાઉંછું, અને ત્યાં મ્હારૂં રાતનું ખાનું ખાઊંછું.

"પહેલી જે મરણ પામી તે ન્હાની જેન હતી, જયાંસુધી ઇશ્વરે દુઃખમાંથી તેનો છૂટકારો કીધો, ત્યાંસુધી ખાટલાઉપર તે વિલાપ કરતી પડી રહી, અને ત્યારપછી મરી ગઇ".

"ખાટલાઉપરથી તેને ઘોરમાં દાટી, અને મેં અને મ્હારા ભાઇ જૉને બન્ને સાથે (મળી) આખો વગર વરસાદનો ઉન્હાળો તેની ઘોરની-આસપાસ રમતમાં ગુજાર્યો".

"અને જયારે જમીન બરફથી સફેદ થઇ, અને હું દોડી અને

સરી શકતી હતી, ત્યારે મ્હારા ભાઇ જૉનને (મરી) જવાની ફરજ પડી, અને તે તેણીની બાજુએ પડેલો છે."

મેં કહ્યું કે, "જો તેઓ બન્ને જણા સ્વર્ગમાં ગયાં, તો ત્યારે હવે તમે કેટલાં છો?" તે ન્હાની છોકરીએ જવાબ દીધો, "અરે સાહેબ! અમે સાત છૈએ."

"પણ તેઓ મરણ પામ્યા છે, તેઓ બન્ને મરી ગયાં છે, તેઓનો જીવ સ્વર્ગમાં છે." એ બોલવું ફોકટજ હતું; કારણકે તે ન્હાની છોકરી હજુસુધી પોતાનીજ હઠ (મરજી) પકડી રહી, અને બોલી કે, "નહીં અમે સાત છૈએ."

XXX. READING—LESSON.

(વાંચન પાઠ ૩૦મો.)

Excellent, a. (એક્સેલન્ટ્) સરસ; ઉત્તમ.

Knowledge, n. (નોલેજ) વિદ્યા; જ્ઞાન.

Sharp-looking, a. (શાર્પ-લૂકિંગ્) ચંચળ દેખાવનો.

Bustling, a. (બસલિંગ્) ધામધુમ્યો; ગડબડીયો. [પોંડુંચેલો.

Older, (ઓલ્ડર) વધારે ઉમ્મરે.

Himself, pro. (હિમસેલ્ફ) પોતે.

Repeated, v. t. (રિપીટેડ) ફરીથી બોલ્યો.

Can talk, v. i. (કૅન ટૉક) વાત કરી શકેછે.

Subject, n. (સબજેક્ટ) બાબદ; વિષય.

A great deal, (એ ગ્રેટ ડીલ) ઘણીજ.

Wiser, a. (ઉવાઇઝર) વધારે ડાહ્યું.

Every body, n. (એવ્રિબૉડિ) દરેક જણું.

Gravely, ad. (ગ્રેવ્લિ) ગંભીરાઇથી.

Depends, v. i. (ડિપેન્ડ્ઝ) આધાર રાખેછે.

Entirely, ad. (ઍન્ટાયર્લિ) તદન; તમામ.
(Is) applied, v. t. (ઍપ્લાઇડ્) લાગુ પાડવામાં આવેછે.
Blessing, n. (બ્લેસિંગ્) કલ્યાણ; સુખ.
Curse, n. (કર્સ) શ્રાપ.
Increase, n. (ઇન્ક્રીઝ્) વધારો.
Power, n. (પાઉઅર) શક્તિ.
Understand v. t. (અન્ડરસ્ટૅન્ડ) સમજવું. [સથી; નમ્રતાથી.
Meekly, ad. (મીક્લિ) નરમા-
Restraint, n. (રિસ્ટ્રેન્ટ્) અંકોસ; દબાણ. [પશુ.
Animal, n. (ઍનિમલ) પ્રાણી;
Bearing, pr. p. (બેરિંગ) લઇ જતાં.
Burdens, n. (બર્ડન્સ) બોજા.
Drawing, pr. p. (ડ્રૉઇંગ) ખેંચતાં.
Loads, n. (લોડ્ઝ) બોજા.
Breaks, v. t. (બ્રેક્સ) ભાંગેછે.
Bridle, n. (બ્રાઇડલ) લગામ.

Dashes, v. t. (ડૅશિઝ) પટકેછે; અફાળેછે.
Carriage, n. (કૅરિઍજ) ગાડી.
Pieces, n. (પીસિઝ) કકડા.
Rider, n. (રાઇડર) સવાર.
Pond, n. (પૉન્ડ) તળાવ.
Properly, ad. (પ્રૉપર્લિ) ખરેખર રીતે.
(Is) conducted, v. t. (કન્ડક્ટેડ્) લઇ જવામાં આવેછે.
Trenches, n. (ટ્રેન્ચિઝ) ખાઇઓ; ચરો.
Fields, n. (ફીલ્ડ્ઝ) ખેતરો.
Fertile, a. (ફર્ટ઼ાઇલ) ફળદ્રુપ.
Bursts, v. t. (બર્સ્ટસ) ફાટેછે.
Banks, n. (બૅન્કસ્) કિનારા.
Sweeps, v. i. (સ્વીપ્સ) ઘસડી જાયછે.
Destroys, v. t. (ડિસ્ટ્રૉયઝ) નાશ-ખુવારી કરેછે.
(Is) Steered, v. t. (સ્ટીયર્ડ) હંકરાયછે. [બરોબર.
Aright, ad. (અરાઇટ્) સિધુ

Hoists, v. t. (હૉઇસ્ટ્સ) ચઢાવેછે.
Sooner, ad. (સૂનર) વધારે જલદી.
Port, n. (પૉર્ટ) બંદર.
Further, ad. (ફર્ધર) વધારે દૂર.
Clearly, ad. (કલીઅર્લિ) ખરેખર રીતે; સારીપેઠે.
Continued, v. t. (કન્ટીન્યુડ) જારી રાખ્યું; બોલ્યો. [રીતે.
Rightly, ad. (રાઇટ્લિ) ખરેખર
Grace, n. (ગ્રેસ) મેહેરબાની.
(Will) render, v. t. (રેન્ડર) કરશે.
Better, a. (બેટર) વધારે સારૂં.

એક ચંચળ દેખાવના ધામધુમ્યા ન્હાના માણસે પોતાના કરતાં એક વધારે ઉમ્મરે પોહોંચેલો હતો તેને કહ્યું, "વિદ્યા એ કેવી ઉત્તમ ચીજ છે!" તે ફરીથી બોલ્યો, "વિદ્યા એ ઉત્તમ ચીજ છે; હું બાર વર્ષનો હતો ત્યારે જેટલું જાણતો હતો તેના કરતાં મ્હારા છ અને સાત વર્ષના છોકરાઓ વધારે જાણેછે. તેઓએ સઘળી જાતની ચીજોવિષે સાંભળ્યુંછે, અને (તેઓ) સઘળી જાતની બાબદોવિષે વાત કરી શકેછે. દુનિયા હતી તે કરતાં ઘણી વધારે ડાહી થઇ છે. હમણા દરેક જણ દરેક વસ્તુવિષે થોડું ઘણું જાણેછે. સાહેબ, શું તમે નથી ધારતા, કે વિદ્યા (એ) ઉત્તમ ચીજછે?"

તે બુઢ્ઢા માણસે ગંભીર દેખાવથી જવાબ દીધો "કેમ સાહેબ, તે તો જે ઉપયોગમાં તેને લગાડવામાં આવેછે તેઉપર તદન આધાર રાખે છે. તે (વિદ્યા) સારી અથવા નરસી (પણ) હોય. વિદ્યા એ માત્ર શકિતનો વધારો છે, અને શકિત જેમ સારી તેમજ ખરાબ ચીજ પણ હોય."

તે ગડબડીઆ ન્હાના માણસે કહ્યું કે "જે હું સમજી શકતો નથી તેજ એ છે. શકિત એ ખરાબ ચીજ કેમ થાય?"

તે ડુહ્ના માણુસે નમ્રતાથી ઉત્તર આપ્યો, "હું તમને કહુંછું," અને આ પ્રમાણે (આગળ) બોલ્યો. "જયારે ઘોડાની શકિત અંકોશમ હોયછે, ત્યારે તે જાનવર બોઝ્ત ઉંચકી અથવા ખેંચી જવાને, અને પોતાના ધણીને લઈ જવાને ઉપયોગી છે; પણ જયારે તે અંકોસ કહાડી નાખવામાં આવેછે, ત્યારે તે ઘોડો તેની લગામ તોડી નાખેછે, ગાડીના કકડે કકડા કરી નાખેછે, અથવા પોતાના સ્વારને નાખી દેછે."

તે ન્હાના માણુસે કહ્યું, "હું સમજયો! હું સમજયો!"

"જયારે એક મ્હોટા તળાવનું પાણી ચરોથી બરોબર રીતે લઈ જવામાં આવેછે, ત્યારે તે આસપાસના ખેતરોને ફળદ્રુપ કરેછે; પણ જયારે તે (તળાવના) કિનારા ફાડીને બાહાર નિકળેછે, ત્યારે તે પોતાની આગળની સઘળી ચીજો ઘસડી જાયછે અને ખેતરની પેદાસનો નાસ કરેછે."

"હું સમજયો! હું સમજયો!" તે ન્હાના માણુસે કહ્યું, "હું સમજયો!"

"જયારે એક વાહાણને સિધે માર્ગે હંકારવામાં આવેછે, ત્યારે જે સઢ ચઢાવેલું હોયછે તે તેને જલદીથી બંદરમાં લઈ જવાને શકિતવાન કરેછે; પણ જો તેને આડે માર્ગે હંકાર્યું હોય, તો જેમ તેને વધારે સઢ હોય, તેમ પોતાના રસ્તાથી વધારે બહાર જશે."

"હું સમજયો! હું સમજયો!" તે ન્હાના માણુસે કહ્યું, "હું સારાપેઠે સમજયો!"

તે ડુહ્ના માણુસ બોલ્યો, "વારૂ ત્યારે, જો તમે આ વાતો સારી રીતે સમજોછો, તો હું આશા રાખુંછું કે, વિદ્યા એક સારી ચીજ થવાને (તેને) બરાબર રીતે કામે લગાડવી જોઈએ, એ પણ તમે સમજી

શકશે. દીલમાં પરમેશ્વરની મેહેરબાની હશે તો મગજનું જ્ઞાન એ લાભકારક ચીજ થશે; પણ એસિવાય, તે આપણને દુઃખ કરતાં કાંઇ વધારે સારૂં સાબીત થવાનું નથી!"

"હું સમજ્યો! હું સમજ્યો! હું સમજ્યો!" તે ન્હાના માણસે કહ્યું, "હું સમજ્યો!"

XXXI. READING—LESSON

(વાંચન પાઠ ૩૧મો.)

(*To be learnt by heart.*) (મ્હોડે કરવાનો.)

A Wasp and a Bee. (ભમરો અને મધમાખ.)

Wasp, n. (ઉવૉસ્પ) ભમરો.
Buzzing, pr. p. (બઝિંગ) ગણગણ કરતી.
Cousin, n. (કઝિન્) પીત્રેણ [બેહેન.
Back, n. (બૅક) પીઠ; બરડો.
Shines, v.i. (શાઇન્સ) પ્રકાશેછે.
Bright, a. (બ્રાઇટ) ચળકતું.
Shape, n. (શેપ) આકાર; આકૃતિ. [સુરત; શોભિતું.
Elegant, a. (એલિગન્ટ) ખુબ-
Behold, v. i. (બિહોલ્ડ) જોવું.
Mischief, n. (મિસ્ચિફ) મસ્તી.
Boast, v.t. (બોસ્ટ) મગરૂર થવું.
Delicate, a. (ડેલિકેટ્) નાજુક.
Perfectly, ad. (પરફેક્ટલિ) પૂર્ણ રીતે. [બસુરત.
Handsome, a. (હૅન્ડસમ્) ખુ-
Put up with, ખમવું; સોસવું.
Sting, n. (સ્ટિંગ) ડંખ.
Homely, a. (હોમ્લિ) સાદું.
Angry, a. (ઍંગ્રિ) ગુસ્સે.
Innocent, a. (ઇનોસન્ટ્) નિરપરાધી.

Ill-natured, a. (ઇલ-નેચર્ડ) ખરાબ સ્વભાવનું. | They're, for they are. તેઓ છે.

એક મધમાખ જે પાસેથી ગુણ ગુણ કરતી જતી હતી તેને એક ભમરો મળ્યો, અને તે બોલ્યો," ન્હાની પીળેણ બેહેન, તમને મ્હારા કરતાં લોકો એટલા બધા વધારે શામાટે ચાહેછે તે તમે મને કહી શકશો?

"મ્હારી પીઠ સોનાનીમાફક ચળકતી તથા પીળા રંગની છે, અને મ્હારો ચેહેરો પણ જોવામાં ઘણો ખુબસુરત છે, તોપણ તેમાટે કોઈ મને ચાહાતું નથી એમ હું જાણું છું."

તે મધમાખીએ કહ્યું, "અરે! દોસ્ત, (તમે કહોછો તે) સઘળું ખરૂં છે, પણ જો હું (તમારાં કરતાં) અડધી ખરાબી કરતી હોઉં તો, લોકો તમારા કરતાં મને વધારે ચાહાનાર નથી.

"તમે તમારા સુંદર ચેહેરાની અને નાજુક પાંખોની બડાઈ કરી શકો; તમે સંપૂર્ણ રીતે ખુબસુરત છો તોપણ (તમારી પાસે) એક ચીજ છે, જે ખમી શકાય એવી નથી—અને તે તમારો ડંખ છે.

"મ્હારો પોશાક જેમ તમે જૂઓછો તેમ તદન વગર ભપકાનો અને સાદો છે, તોપણ કોઈ મ્હારી સાથે કદી ગુસ્સે થતું નથી,—કારણકે, હું એક ઉપયોગી અને નિરપરાધી મધમાખી છું."

આ ન્હાની વાતઉપરથી લોકોએ સાવધ રેહેવું, કારણકે, ભમરાની માફક, જો તેઓ ખરાબ ટેવના હશે તો, ગમે એવા તેઓ ખુબસુરત હશે, તોપણ કોઈ પણ તેઓને કદી ચાહાશે નહીં.

XXXII. READING—LESSON.

(વાંચન પાઠ ૩૨મો.)

(*To be learnt by heart.*) (મ્હોડે કરવાનો.)

Air. (હવા.)

Winds, v. t. (ઉવાઇન્ડ્ઝ) ચાલે
છે; ફુંકેછે.
Spread, p.p. (સ્પ્રેડ) પથરાયલું.
Covering, n. (કવરિંગ) ઢાંકણુ.
Corner, n. (કૉર્નર) ખૂણો.
Crevice, n. (ક્રેવિસ) ફાટ; ચીરો.
'Tis, (ટિઝ) It is એ શબ્દોને
ટુંકામાં લખ્યા છે.
Wonderful, a. (ઉવન્ડર્ફુલ) અ-
જાયબ જેવી. [દાર્થ.
Fluid, n. (ફ્લુઇડ) પ્રવાહી પ-
Still, a. (સ્ટિલ) શાંત.
Evening, n. (ઇવિનિંગ) સાંજ.
Peaceful, ad. (પીસ્ફુલ) ધીમે
ધીમે. [ફુંકેછે.
Floats, v. i. (ફ્લોટ્સ) તરેછે;
Moves, v. i. (મૂવ્ઝ) હાલેછે.
Spray, n. (સ્પ્રે) ડાખલી; ડાળી.

Nightingale's, n. (નાઇટિન્ગે-
લ્સ) બુલબુલ પક્ષીનો.
Notes, n. (નૉટ્સ) રાગ. [લક.
Voice, n. (વૉઇસ) અવાજ; હ-
Cricket, n. (ક્રિકેટ્) ઝીંગુર;
ન્હાનું ચિંનચિંન કરતું પ્રાણી.
Gay, a. (ગે) આનંદી.
Oft, ad. (ઑફ્ટ) વારેઘડીએ.
Winter, n. (ઉવિન્ટર) શિયાળો.
Bellows, v. i. (બેલોઝ) ફુંકેછે.
Aloud, ad. (ઍલાઉડ) મ્હોટે સાદે.
Northerly, a. (નૉર્ધરલિ) ઉત્તર-
તરફનું. [પાટો.
Blast, n. (બ્લાસ્ટ) પવનનો સ-
Fury, n. (ફ્યૂરિ) જોસ.
Drives, v. t. (ડ્રાઇવ્ઝ) ઘસડી
જાયછે. [સફેદ.
Snowy, a. (સ્નોઇ) બરફ જેવું

Cloud, n. (ક્લાઉડ) વાદળ.
Cracks, v. t. (ક્રૅક્સ) ભાંગેછે.
Tapering, a. (ટેપરિંગ) અ-
ણીદાર. [ણુનો.
Mast, n. (માસ્ટ) ડોલ (વાહા-
Lurks, v. i. (લર્ક્સ) સંતાયછે;
ભરાઇ રહેછે. [ધવાતો.
Smothered, p.p. (સ્મધર્ડ) ધું-
Gnaws, v.i. (નૉઝ) પ્રવેસ થાય-
છે; સળગી ઉઠેછે. [કરેછે.
Forces, v. t. (ફોર્સિઝ) જોર
Fiercer, a. (ફીયર્સર) વધારે ઝ-
ડપથી-જોસથી. [ળગવું.
Glow, v. i. (ગ્લો) બળવું; સ-
Vainly, ad. (વેન્લિ) ફોકટ.
Engines, n. (એન્જિન્ઝ) બંબા.
Torrent, n. (ટૉરેન્ટ) પાણીનો
ધોધ. [મારવું.
Stream, v. t. (સ્ટ્રીમ) રેડવું;
Violence, n. (વાયોલન્સ) જોસ;
જોર.
Tears, v. t. (ટેર્સ) ફાડી નાખેછે.
Sturdy, a. (સ્ટર્ડિ) મજબૂત;
મક્કમ.

Tempest, n. (ટેમ્પેસ્ટ) તોફાન.
(Has) known, v. t. (નોન્) ખમ્યું છે.
Wrath, n. (રૉથ) ગુસ્સો.
Tall, a. (ટૉલ) ઉંચું.
Pine, n. (પાઇન) સનોબરનું ઝાડ.
Splinters, n. (સ્પ્લિન્ટર્સ) કકડે
કકડા; ચુરે ચુરા. [ટેકરી.
Precipice, n. (પ્રેસિપિસ) ઉભી
Blown, p. p. (બ્લોન) ફેંક્યું;
ઉરાડી નાખ્યું.
Rages, v. i. (રેજિઝ) જોસથી
ફુંકેછે-ગુસ્સે થાયછે. [તિશય.
Wild, a. (ઉવાઇલ્ડ) બેહદ; અ-
Assistance; n. (ઍસિસ્ટંસ)
મદદ; આધાર; હાજરી.
Tenderest, a. (ટેન્ડરેસ્ટ) ઘ-
ણુંજ નાજુક.
Child, n. (ચાઇલ્ડ) બચ્ચું.
Struggle, v. i. (સ્ટ્રગલ) તર-
ફડયાં મારવાં.
Gasp, v. i. (ગૅસ્પ) ગુંગળાવું.
Expire, v. i. (એક્સ્પાયર) મરી
જાય.

Pure, a. (પ્યૂર) સાફ.
Pressing, pr. p. (પ્રેસિંગ) દબાતાં; જોસ કરતાં.
Curious, n. (કયુરિઅસ) અજાયબ જેવી.
Clay, (કલે) માટી.
Bodies, n. (બૉડિઝ) શરીરો.
Bosom, n. (બૂઝમ) છાતી.
Cease, v. i. (સિઝ્) બંધ પડવું.
Crumble, v. i. (ક્રમૂબલ) ભૂકો થવો.
Dust, n. (ડસ્ટ) ધુળ.

એક સુંદર ઢાંકણુનીમાફક પથરાયલું છે, અને જે પૃથિવઉપર ફુંકેછે તે શું છે? તેનું દરેક ન્હાના ખુણામાં અને ફાટમાં ગુંચળું વળેછે; આ અજબ જેવો પ્રવાહી પદાર્થ હવા છે.

ઉન્હાળાની શાંત સાંજના જયારે (ઝાડની) ડાળીપરનું એક પણ પાંદડું હાલતું નથી, અને બુલબુલ પક્ષીના રાગ અથવા ક્રિકેટ પક્ષિના આવા ખુશનુમાં અવાજ સિવાય બીજો કોઇ પણ સાદ સંભળાતો નથી, ત્યારે તે કેવી સ્થિર રીતે (ફુંકેછે) તરેછે!

પણ શિયાળામાં તે વારંવાર મ્હોટેથી પોકારેછે, અને ઉત્તર તરફના સપાટામાં ગાજેછે; તે બરફ જેવાં ચળકતાં વાદળાંને જોસથી આગળ હાંકી લઇ જાયછે, અને વાહાણના અણીવાળા ડોલને ભાંગી નાખેછે.

જયારે અગ્નિ અડધો ધુંધવાતો ભરાઇ રેહેછે અથવા ભારોથિયામાં પ્રવેશ થાયછે, ત્યારે હવા તેને વધારે જલદીથી બળવાને જોર કરેછે; અને જો પવન જોરથી ફુંકતો હોય તો બંબા ફોકટ (તેઓના) પાણીના ધોધ રેડયા કરવાના.

તે મજબૂત ઓકનું ઝાડ જેણે જંગલમાં ઘણાએક તોફાનો ખમેલાં છે, તેને ફાડી નાખેછે; તેના ગુસ્સા (ઝપાટા) થી ઉંચાં સનોબ-

રના અડના કકડે કકડા થઈ જાય છે, અને ઉભી ટેકરીઉપર (ઉડી) જઈ પડેછે.

અને જો તે આવા અતિશય જોસથી નક્કર જમીન, પાણી, અને અગ્નિ ઉપર ફું કેછે, તોપણ તેના આધાર વગર સર્વથી નાજુક બાળક તરફડી, ગુંગળાઈ, મરણ પામવાનું.

સ્વચ્છ હવા અજાયબ જેવી માટીમાં (જોસથી) પ્રવેશ થઈને પેહેલવેહેલો (તેણે) આપણા શરીરોને જીવ આપ્યો; અને જયારે તે છાતીમાં (ફરતી) રમતી બંધ થાયછે, ત્યારે આપણે પાછાં માટીમાં મળી જઈએ છીએ.

Drugs &c. વસાણા વગેરે.

અક્કલગરો, Pellitory.
અખરોટ, Walnut.
અગર, Alœ slignum.
અજમો, Parsley.
અનીસું, Aniseseed.
અફીણ, Opium.
અર્ક, Essence.
અરીઠાં, Soapnuts.
અળસી, Linseed.
આમળા, Hogplum.
આમલી, Tamarind.
એળચી, Cardamom.
ઈસસ, Olibanum.
ઉપલેટ, Tarpaulin.
કચકડું, Tortoise-shell.
કપુર, Comphor.
કરિયાતુ, Chiretta.
કસ્તુરી, Musk.
કાથો, Cotecheu.
કાળીજીરી, Purplefleabane.

કિરમજ, Cochineal.
કેરબો, Amber.
કેસર, Saffron.
કોકમ, Mangosteen.
ખુસખસ, Poppy.
ગરમાળો, Cassia Fistularis.
ગળી, Indigo.
ગંધક, Sulphur.
ગુગળ, Bdellium.
ગુંદર, Gum.
ગુલકંદ, Conserve of roses.
ગુલેઅરમાની, Bole Arminic.
ગેરૂ, Red chalk.
ગોરૂચંદન, Bezoarstone.
ચારોળી, Chirongiasapida.
ચીનીકબાલા, Cubebs.
છીપ, Pearl-shell.
જમાલગોટો, Croton.
જાયફળ, Nutmeg.
જાવંત્રી, Mace.
જીરૂં, Cumin.
જેઠીમધ, Liquorice.
ટંકણખાર, Borax.
ડિકામાલી, Gardenia-gummi.
તજ, Cinnamon. [fera-
તલ, Ginglly seed.
દિવેલ, Castor oil.
ધાણા, Coriander.
નવસાગર, Ammoniac salt.
પસ્તાં, Pistochio-nuts.
પાનની જડ, Galangal.
પીપળીમૂળ, Long-pepper.
ફટકી, Alum.
બદામ, An almond.
બોદારસિંગ, Litharge.
ભાંગ, Henbane.
ભિલામો, Malacca-bean.
મજીઠ, Madder (roots).
મરચું, Chilli.
મંસીલ, Arsenic.
મહુડું, મોરા, Mowrah (berry)
માયું, Manna.
મેંદી, Henna.
મેથી, Fœnugreek.
મોરથુથુ, Blue vitriol.
રતાંજળિ, Sapanwood.

રસકપુર, Corrosive-sublima- [te.
રાઈ, Mustard.
રૂમી મસ્તકી, Mastich.
રેવંચીની ખટાઈ, Rhubarb.
રેવંચીનો શીરો, Gamboge.
લવંગ, Clove.
લાખ, Lac.
લોબાન, Benzoin.
વરીયાળી, Fennel. [torine.
શીકોતરી એળિઓ, Aloessoco-
શેહુરી લોબાન, Frankincense.
સપેતો, Ceruse.
સરકસુરો, Civet.
સરસવ, Rapeseed.
સંખજીરૂં, A sort of steatites.
સંચલ, A fictitious salt.
સાજીખાર, An alkali.
સાલમમિશ્રી, Salep.

સાલસ, Sarsaparilla.
સુખડ, Sandalwood.
સુંઠ, Dry ginger.
સુરમો, Antimony.
સુરોખાર, Nitre or salt-petre.
સુવા, Caraway.
સિંધવ, Rock-salt.
સિંધુર, Red lead.
સોનામકી, Senna.
હડતાળ, Yellow-orpiment.
હાથીદાંત, Ivory.
હિંગ, Asafœtida. [ctitious.
હિંગળો, (પાકો) Cinnabar Fa-
હિંગળો, (કાચો) Cinnabarna- [tive.
હીરાકસી, Copperas.
હીરાદખણ, Dragon's blood.
હિરાબોળ, Myrrh.
હળધ, Turmeric.

સમાપ્ત.